# Gyan Amrit
# જ્ઞાનામૃત

Vol.16 - Issue 06
June 2023
Price 15/-



મમ્મા સ્મૃતિ દિવસ
24 જૂન



સરલાદીદીજી
ચતુર્થ સ્મૃતિ દિવસ
6 જૂન



આંતરરાષ્ટ્રીય યોગ દિવસ
21 જૂન

International Day of Yoga
21 June
Yoga for Harmony & Peace




સુરત આંબાતલાવડી ખાતે 'મહિલા સંમેલન'માં રાજ્યના શિક્ષણ મંત્રીશ્રી પ્રફુલ્લભાઈ, BJP પ્રદેશ પ્રમુખ ડૉ. મોહસીનભાઈ, મુવર્સ ચેરીટેબલ ટ્રસ્ટના દુરરીયાબેન, પૂર્વમેયર અસ્મિતાબેન, બ્ર.કુ. ફાલ્ગુનીબેન.




બોટાદ સેવાકેન્દ્રના 'રજત જયંતિ મહોત્સવ'માં લોકસભાના MP ડૉ.ભારતીબેન શિયાલ, શાસ્ત્રી સ્વામી માધવ સ્વરૂપદાસજી, બ્ર.કુ. ચંદ્રિકાબેન, બ્ર.કુ. સરલાબેન, બ્ર.કુ. તૃપ્તિબેન, બ્ર.કુ. નીતાબેન.



કામરેજ ખાતે Y20 અંતર્ગત 'યુવા સંમેલન'માં બ્ર.કુ. ગીતાબેન, બ્ર.કુ. તૃપ્તિબેન, બ્ર.કુ. રીમાબેન, તાલુકા પંચાયતના BJP સભ્ય રમેશભાઈ, NSS પ્રોગામ ઓફિસર ડૉ.જે.ડી.વણકર, ડૉ. કેનાબેન.



સુરત બાલાજી રોડ ખાતે Y20 અંતગર્ત 'યુવા સંમેલન'માં બ્ર.કુ. ગીતાબેન, બ્ર.કુ. ફાલ્ગુનીબેન, કુમાર દીપ ખુશાલદાસ, પૂર્વ મેયર ભગિની સ્મિતાબેન, પ્રોફેસર કિશોરભાઈ, ભગિની અમીતાબેન.



વડોદરા અટલાદરા ખાતે 'કવિ સંમેલન'માં નવગુજરાતના સંપાદક વિશ્વજીતભાઈ, લોકભારતી ગ્રામવિદ્યાપીઠના પૂર્વ નિર્દેશક પ્રવીણભાઈ, VCCIના ઉપાધ્યક્ષ સુભાષભાઈ, બ્ર.કુ.સતીષભાઈ, બ્ર.કુ.અરૂણાબેન.



બારડોલી ખાતે 'સ્નેહમિલન'માં બ્ર.કુ. ચંદ્રિકાબેન, બેંક મેનેજર ભ્રાતા શરદભાઈ જોષી, ડૉ. રાહુલભાઈ દેસાઈ, ભ્રાતા વિનયભાઈ, ભ્રાતા હિતેશભાઈ, બ્ર.કુ. અરૂણાબેન તથા અન્ય.



કેશોદમાં 'સ્વાસ્થ્ય શિબિર'માં જીલ્લા પંચાયતના સભ્ય ધર્મિષ્ટાબેન, આંગણવાડી તાલુકા સુપરવાઈઝર ભગિની કંચનબેન, ડૉ. દક્ષાબેન, હેલ્થ સુપરવાઇઝર રમેશભાઈ, યોગાચાર્ય દુષ્યંતભાઈ, બ્ર.કુ. રૂપાબેન.



રાજકોટ શાસ્ત્રીનગર ખાતે '૨૧મા વાર્ષિક ઉત્સવ'માં ગુજરાત પ્રદેશ BJP પ્રમુખ ચેતનભાઈ, પંચશીલ હાઈસ્કૂલના ટ્રસ્ટી ડી.કે. વડોદરીયા, બિલ્ડર એસો.ના પ્રમુખ પરેશભાઈ, બ્ર.કુ. દક્ષાબેન તથા અન્ય મહાનુભાવો.

# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૬ જૂન- ૨૦૨૩ અંક : ૦૬

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**

## અમૃતસૂચિ


- માતેશ્વરી જગદંબા સરસ્વતીની .............તંત્રી સ્થાનેથી ..04
- નિશ્ચયનું બળ ...........................બ્ર.કુ. જગદીશચંદ્ર ..08
- અમૃતધારા ..................................દાદી જાનકીજી ..10
- જ્ઞાનવીણાવાદિની મા સરસ્વતી .................બ્ર.કુ. પ્રીતિ ..14
- દાદી બ્રિજશાંતાજી ...............................બ્ર.કુ. હેમંત ..18
- દિવ્યદર્શન ....................................બ્ર.કુ. નંદિની ..22
- પરમાત્મ શક્તિની પ્રાપ્તિ શી રીતે? ......બ્ર.કુ. ડો. કોકિલા ..24
- પ્રસંગ પરિમલ ..................................................27
- ભૂલ ..............................................બ્ર.કુ. હેમના ..28
- કવિતા ......................................જૂનાગઢ સેન્ટર ..31
- હર્ષિત રહો, હેલ્ધી બનો ....................બ્ર.કુ. ઈશ્વરભાઈ ..32
- કૈસે કરું બાબા તેરા શુક્રિયા..................બ્ર.કુ. કનુભાઈ ..33
- સંગમયુગની શબ્દાવલી ..........................................34



**2023ના લવાજમના નવા દર**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૩૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૨૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૫.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૬૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૨,૦૦૦.૦૦ |



કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
**બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ**
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
**Phone : 99798 99104**



**મુદ્રક અને પ્રકાશક**
**ભારતી રણછોડદાસ સોમૈયા**


**-:- વિશેષ નોંધ -:-**

નાના-મોટા બધાજ સેવાકેન્દ્રો દ્વારા થયેલી વિવિધ સેવાઓના ઓરીજનલ હાઇરેઝુલેશન વાળા ચોખ્ખા, વ્યવસ્થિત, યોગ્ય ફોટા, મહેમાનોનું આખું નામ, બરાબર હોદ્દો, કાર્યક્રમની સંપૂર્ણ વિગતો સાથે ગુજરાતી જ્ઞાનામૃતના ઇમેલ પર જ આવકાર્ય છે. અગ્રતા ક્રમે ફોટા મળ્યા હોય, દરેક પ્રકારે ફોટાની ગુણવત્તાઓના આધારે ન્યાય અપાશે. જે મોબાઈલથી ફોટા પાડ્યા હોય તે મોબાઈલની ગેલેરીમાંથી જ ઓરીજનલ ક્વોલીટી વાળા ફોટા ઈમેલમાં એડ્રેસ કરવા. તમે whatsappમાં મોકલેલા અથવા તમને કોઈએ whatsappમાં મોકલાવેલ, કોઈના ફોરવર્ડ કરેલા ફોટા મોકલવા નહીં.
whatsappથી મોકલાવેલ ફોટા પ્રિન્ટિંગ ક્વોલિટી માટે બરોબર હોતા નથી.


**જ્ઞાનામૃતના બેંક ખાતાની વિગતો**

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય**
Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**
Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**

**પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.**
**Phone: 079 - 2532 4460**

**Email :** gyanamrit.guj@gmail.com

## તંત્રી સ્થાનેથી

# માતેશ્વરી જગદંબા સરસ્વતીની વિશેષતાઓ



જૂન માસ આપણા સૌનાં મીઠાં માતેશ્વરી જગદંબાનો સ્મૃતિ માસ છે. 24 જૂન, 1965ના દિવસે મીઠાં મા આ સાકાર વતનથી અવ્યક્ત વતનવાસી બન્યાં. એમની મીઠી પાલના, કુશળ પ્રશાસન - મધુર શિક્ષાઓ આજે પણ સૌને પ્રેરણા આપતી રહે છે. એ પણ ડ્રામાનો વન્ડરફુલ પાર્ટ છે કે સ્થાપનાના કાર્યને સંપન્ન કરવા તથા નવી દુનિયાના સ્થાપનાના કાર્ય માટે મીઠાં મમ્મા પહેલાં પહેલાં એડવાન્સ પાર્ટીમાં ગયાં. મીઠા બાબાએ હીરો પાર્ટધારી આત્માને ગુપ્ત રાખીને નવી સૃષ્ટિની રચનાનું કાર્ય કઈ રીતે કરાવી રહ્યા છે તે અત્યાર સુધી ગુપ્ત છે.

મમ્માની ભક્તિમાર્ગમાં ગુપ્ત સરસ્વતી નદીના રૂપમાં યાદગાર છે. તેઓ સદા ગુપ્ત રહીને જ્ઞાનસેવા કરતાં રહ્યાં. દરેક વાતમાં કરન કરાવનહાર બાપને જ તેમણે આગળ રાખ્યા. એમના જીવનની અમૂલ્ય ધારણાઓ બ્રહ્માવત્સોને સંપૂર્ણતાનો માર્ગ બતાવવા માટે પ્રકાશ સ્તંભનું કાર્ય કરી રહેલ છે.

- મમ્માનું લૌકિક નામ રાધે હતું પરંતુ જેવું નામ હતું તે પ્રમાણે રાધે મુરલીનાં અતિ ચાહક હતાં. બાબાનો એક એક શબ્દ ઘણા પ્રેમથી સાંભળતાં, સમાવતાં અને તેને ઘણી સારી રીતે સ્પષ્ટ કરીને સૌને સંભળાવતાં. એટલે તો સરસ્વતીના હાથમાં જ્ઞાનની સિતાર છે.
- ક્યારેય કંઈ પણ થઈ જાય, મમ્માને ડ્રામાનો પાઠ પાકો હતો. એને સાક્ષી બનીને જોવાની સારી ટેવ મમ્માની હતી. જેથી કોઈ પણ દ્રશ્યને જોતાં કદી હલચલમાં આવ્યાં નહીં. એમનો ચહેરો સદા એક રસ, પ્રસન્ન રહેતો, આપણને પણ સદા નથિંગ ન્યુ (કાંઈ નવું નથી) નો પાઠ શીખવાડીને અચલ, અડોલ બનાવી દેતાં.
- મમ્માના ચહેરા ઉપર કદી ફિકરનાં ચિન્હો જોયાં નથી. કોઈ શરીર પણ છોડી દે યા પોતાના શરીરમાં કંઈ થાય, તો પણ વધારે વિચારતાં નહીં. મમ્મા સાધારણતામાં નહીં રહેતાં હતાં. મમ્માને સદા ઘણા ઊંચા રુહાનિયતના નશામાં જોયાં છે.
- મમ્માને બાબાએ કહ્યું તમે લક્ષ્મી બનશો. બસ એકવાર કહેવાથી મમ્માનો ચહેરો તથા સ્થિતિ બદલાઈ ગયાં. ગુણવાન બનવાનું છે, ગુણ જોવાના છે. ગુણદાન કરવાનું છે. આ ત્રણ વાતોમાં મમ્મા પાક્કાં હતાં. એટલે એમની ઉંમર ઓછી હતી. પણ ધારણામાં મોટાં હોવાને લીધે એમને સૌ મોટાં નાનાં દિલથી મમ્મા કહેવા લાગ્યાં. ગુણમૂર્ત મમ્મા સૌથી પ્રથમ નંબરે આવી ગયાં.
- ક્લાસમાં હાજર રહેવું એ પણ બાબાના આજ્ઞાકારી બાળક બનવું છે. પરંતુ માત્ર રેગ્યુલર નહીં પણ નિયમિત થવાનું છે. જરા પણ ઉપર નીચે ના થાય. આ આપણને મમ્માએ શીખવાડ્યું. મુરલી અને સવારનો યોગ કદી ચૂકાય નહીં. જેને બાબાએ કહ્યું છે કે ગફલત ના કરો. જેને ઉમંગ હોય છે તે કદી પણ ગફલત કરતો નથી. બાબા કહે છે તમે

ઉપરની સ્થિતિમાં રહો. નીચેની વાતો શા માટે કરો છો? મમ્માના મુખમાંથી કદી આવી વાતો સાંભળી નથી. મમ્મા બિલકુલ ચૂપ રહેતાં હતાં. જેટલું જરૂરી છે તેટલું બોલીને ચૂપ થઈ જતાં હતાં.

- મમ્માએ મર્યાદાઓમાં એક્યુરેટ રહેવાનું શીખવાડ્યું. મમ્મા એવી દેહી અભિમાની સ્થિતિમાં રહેતાં હતાં જેથી મમ્મા દ્વારા બાબાના ગુણ અને કર્મ દેખાઈ દેતાં હતાં. તો બાબા આપણને જે શીખવી રહ્યા છે તે આપણામાં દેખાય. જૂનાં સંસ્કાર સર્વ ખતમ થઈ જાય.
- મમ્મામાં ત્રણ વિશેષતાઓ સ્પષ્ટ દેખાતી હતી. એક રુહાનિયત, બીજું સ્વમાન અને ત્રીજું બાપ સાથે સર્વ સંબંધનો સ્નેહ. તો આપણે પણ આ ત્રણ ગુણોને સ્વયંમાં ધારણ કરવાના છે. એનાથી દેહ અભિમાન સ્વાભાવિક રીતે ખતમ થઈ જશે.
- મમ્માના મસ્તક પર અમૃતનો કળશ શિવબાબાએ રાખ્યો. મમ્મા એને ધારણ કરીને સંભળાવવા માટે નિમિત્ત બન્યાં. પણ મમ્મા હમેશાં કહેતાં હતાં બાપ દ્વારા જે મળ્યું છે સંભળાવી રહી છું. સ્વયંની ધારણામાં જે છે તે સંભળાવી રહી છું. તેથી તો વાણીમાં મધુરતા સચ્ચાઈ દેખાઈ દેતી હતી. જેટલી આપણામાં સત્યતા, પવિત્રતા હશે એટલી મીઠાશ આવશે, જરા પણ અપવિત્રતા છે, મનમાં કોઈના પ્રત્યે ગ્લાનિ છે તો વાણી બીન અસરકારક બની જશે.
- મીઠા મમ્માએ સર્વ બાળકોને ઘણા પ્રેમથી, ઈશારાઓથી પાલના આપી. મમ્માનું મન ઘણું સાફ હતું. જાણે કંઈ બન્યું જ નથી તે રીતે મમ્મા દરેક બાળકની વાતને સમાવી લેતાં હતાં. શિક્ષાઓ આપવા છતાં સમાવવાની શક્તિ અને પ્રેમથી એનું પરિવર્તન કરતાં. આ ઘણી મોટી વિશેષતા મમ્મામાં જોઈ. મમ્માએ કદી બીજાઓના અવગુણ મનમાં રાખ્યાં નહીં.
- મમ્મા સદા પોતાના સ્વમાનમાં રહેતાં હતાં. એમનામાં બીજરૂપ સ્થિતિ બનાવવાની, સર્વ સંકલ્પ સમેટી લેવા, વિસ્તારમાં ન જવાની કુદરતી કળા હતી. જેને કારણે મમ્માની મુરલી ઘણી પ્રભાવશાળી રહેતી હતી. મમ્માની દિવ્યતા, સત્યતાનું આકર્ષણ ચહેરા ઉપર પણ દેખાતું હતું.
- મીઠાં જ્ઞાન ચંદ્રમા મમ્માની શીતળતાને જોઈને ક્રોધ કરનાર આત્માઓને પણ પોતાનામાં શીતળતાની અનુભૂતિ કરવી પડતી હતી.
- મમ્મા સદા અથાગ રહ્યાં. ગમે તેટલી સેવા કરવા છતાં એમના ચહેરા ઉપર કદી થાકની ફીલીંગ જોવા મળતી નહોતી.
- આટલા આત્માઓના સંગમાં આવવા છતાં, સર્વની વાતો સાંભળવા છતાં સ્વયં દરેક વાતમાં ન્યારાં અને પ્યારાં રહ્યાં. કદી મમ્માની દ્રષ્ટિમાં કોઈ આત્મા પ્રત્યે પણ બદલાવ આવ્યો નહીં. એજ મીઠી દ્રષ્ટિ સૌ પ્રત્યે રહી. સાથે સાથે એ આત્માને ખામીઓ પ્રત્યે સાવધાની જરૂર આપતાં હતાં.
- ભલે ગમે તેવો અવગુણવાળો આત્મા હોય પરંતુ મમ્માના મુખ પરથી કદી કોઈ આત્મા પ્રત્યે અશુભ બોલ નીકળતા નહોતા. જેનો કોઈ ફાયદો લે.
- સદા શીતળ સ્વભાવ અને મીઠા બોલનું ઉચ્ચારણ કરનાર મમ્માનું સદા એજ લક્ષ્ય રહેતું હતું કે સૌનાં દુઃખ દૂર કરું. કોઈ પણ

હાલતમાં, કોઈ પણ વાતમાં મમ્માને કદી ક્રોધ તો શું પરંતુ કદી આવેશ આવ્યો નથી. મમ્માનો ઊંચો અવાજ અમે કદી સાંભળ્યો નથી. મમ્મા શાંતિનાં અવતાર, પ્રેમનાં મૂર્ત સ્વરૂપ હતાં.

- ગંભીરતાનો ગુણ જે સર્વ ગુણોની ખાણ છે, એનું પ્રત્યક્ષ સ્વરૂપ મમ્મામાં જોયું. મમતાવાળી મા નહીં, સારી મા, ટીચર, ગુરુ જેવી મા. સ્વયંના જીવનથી શીખવાડનારાં મમ્મા. ગંભીરતા અને ધૈર્યતાને કારણે મમ્મામાં સમાવવાની અને સમેટવાની શક્તિ હતી જેને કારણે મમ્મા સહનશીલતામૂર્ત હતાં. સહનશીલતાના ગુણથી સદા શીતળ અને શાંત હતાં.
- મમ્મા જ્યારે પણ મળતાં હતાં તો મમ્માનો હાથ પકડો તો સકાશ મળી રહી હોય તેવું લાગતું હતું. ખુશી મળી રહી છે. મમ્માના હાથમાં એટલી તાકાત હતી. તે ચમત્કારિક હાથ હતા.
- બાબા જે પણ સંભળાવે, મમ્મા એને ધ્યાનથી સાંભળતાં. તે વખતે એક એક વાતનું સ્વરૂપ બની જતાં હતાં. એટલે મમ્મા સદા અચલ, અડોલ, એકરસ સ્થિતિમાં રહ્યાં. મમ્માની સ્થિતિ કદી નીચે ઉપર જોઈ નથી. પુરુષાર્થ પણ કોઈ મહેનતવાળો સખત કર્યો નથી. મમ્માના ચહેરા ઉપરથી સદા પવિત્રતાની રોયલ્ટી પ્રકાશતી હતી. આ પવિત્રતાની પર્સનાલિટીને કારણે જ જગદંબાના રૂપમાં મમ્માનું આટલું ગાયન અને પૂજન આજ સુધી છે.
- અટલ નિશ્ચય કોને કહેવાય તે મમ્માના ચહેરાથી જોયું. કદીયે મમ્માએ શ્રીમતમાં પોતાની મનમત ભેળવી નથી. મારો આ વિચાર છે. હું આમ સમજું છું. એવું મમ્માએ કદી કહ્યું નથી. પરંતુ બાબાએ આ કહ્યું છે, બાબાએ આ સમજાવ્યું છે. આ એટલા રસથી સમજાવતાં કે બાબાએ કયા રહસ્યથી કહ્યું છે તે સ્વાભાવિક રીતે સમજાઈ જતું.
- મમ્માની ચલન કદી સાધારણ જોઈ નથી. સદા રોયલ. એટલે મમ્મા શિવબાબાનાં પૌત્રી, બ્રહ્મા બાબાનાં બેટી બનીને સર્વની મનોકામના પૂર્ણ કરનારાં કામધેનું મા બની ગયાં. મમ્માએ પોતાના માટે કદી કોઈ કામના રાખી નથી. બાપના આપેલા ખજાનાથી સદા સંપન્ન રહ્યાં.
- મમ્માએ કદી પોતાનો શો કર્યો નથી. ગુપ્ત પાલના આપી. સારી ધારણા કરાવવામાં મદદ કરી. આજ દિવસ સુધી પણ દેશવિદેશોમાં બાબાનાં કેટલાંય બાળકો છે જેમનો અનુભવ છે કે આપણે જાણે સાકાર માતાપિતાની પાલના લઈ રહ્યા છીએ.
- મમ્માએ બાળકોની પાલનામાં શ્રેષ્ઠ પાર્ટ બજાવ્યો એને કારણે ગોડેજ ઓફ નોલેજ તરીકે ઓળખાયાં. આ ટાઈટલ મમ્મા સિવાય કોઈને મળી શકતું નથી. શિવબાબાના જ્ઞાનને એટલું ધારણ કર્યું જેથી વિદ્યાનાં દેવી બન્યાં છે. એટલે વિદ્યા ધારણ કરવા માટે સરસ્વતીને યાદ કરીએ છીએ.
- મમ્માને સ્વમાન, સ્વધર્મમાં રહેવાનો સદા નશો હતો. આપણો સ્વધર્મ શાંત છે. એમાં મમ્મા શક્તિ અવતાર રહ્યાં. બાબાએ જે કહ્યું, મમ્માની બુદ્ધિએ માન્યું. મમ્માએ કદી નથી કહ્યું કે મેં આ કર્યું. સદા બાબાની તરફ ઈશારો કર્યો. હું બેટી છું. માતા-પિતા તેઓ છે. મમ્મા આટલાં નિરહંકારી હતાં.
- મમ્મા છે બ્રહ્માનાં પુત્રી, સંબંધમાં એટલી

સ્વચ્છતા, પવિત્રતાની શક્તિ હતી જેથી જગદંબા બની ગયાં. સાથે સાથે મમ્માને ભવિષ્યનો એવો નશો હતો કે એમનાં નયનો દ્વારા હાવભાવ દેખાતો હતો. જાણે કે તેઓ ખરેખર શ્રી લક્ષ્મી હોય. કોની છું અને મારું ભવિષ્ય શું છે તે એમના સંસ્કારોમાં ભળી ગયું.

- મમ્મા સદા એકાંતમાં રહેતાં હતાં. રોજ સવારે 2.00 ઉઠીને બાબાની યાદમાં એકાંતમાં ચાલ્યાં જતાં. આ પુરુષાર્થથી મમ્માનું સંપૂર્ણ સ્વરૂપ કેટલીયે વાર જણાઈ આવતું હતું.
- મમ્મા નંબરવન આજ્ઞાકારી રહ્યા. મમ્મા બાબાના દરેક ઈશારાઓને સમજ્યાં અને બાળકોને ઘણી સરળ ભાષામાં સ્પષ્ટ કરીને સમજાવ્યું. મમ્માના મહાવાક્યોમાં એક એક વાતનું સ્પષ્ટીકરણ છે. બાબાની સાથે કેવી લગન હોય તે પણ મમ્માના ચહેરા દ્વારા જોયું.
- મમ્માની એક વાત અમને વારંવાર યાદ આવે છે. મમ્મા કહેતાં હતા કે શક્તિ જમા કરવામાં તમે કેટલી મહેનત કરો છો અને ફાલતૂ ખર્ચ કેટલો જલદી કરી દો છો. ફાલતૂ વાતોમાં શક્તિ વાપરીને પછી ઉદાસ, કમજોર બની જાઓ છો. કમાણી કરવામાં એટલો સમય આપતા નથી પણ આખો દિવસ ખર્ચ પછી દેવાળું થઈ જાય છે અને જ્યારે કોઈ વાત સામે આવે છે ત્યારે કહો છો ઘણું મુશ્કેલ છે. કારણ કે તાકાત નથી.
- મમ્માનાં બે સ્લોગન બહુ જ યાદ રહે છે. (૧) મમ્મા સદા કહેતાં હતાં. હર ઘડી આપણી અંતિમ ઘડી છે. (૨) હુકમી હુકમ ચલાવી રહ્યાં છે. આ બે મંત્ર મમ્મા હમેશાં યાદ રાખતાં અને સર્વને યાદ અપાવતાં. આ મંત્રથી આપણે સહ નષ્ટોમોહા સ્મૃતિ સ્વરૂપ બની જઈશું. કોઈ ઝંઝટોમાં જઈશું નહીં અને પોતાની બુદ્ધિને સર્વ વાતોથી મુક્ત રાખીને બાબાની આશાઓને પૂર્ણ કરી શકીશું.

આવી અનેકાનેક વિશેષતાઓ યા ગુણોનાં મૂર્તિ મીઠી મા ભલે આપણી વચ્ચે નથી પરંતુ એમની દિવ્યમૂર્તિ અને મધુર શિક્ષાઓ સર્વનાં નયનો સામે ઘૂમે છે.

॥ ૐ શાંતિ ॥

**- બ્ર.કુ. કાલિદાસ**

---

**(પેજ નં. 21નું અનુસંધાન)... દાદી બ્રિજશાંતાજી**

દાદીજીને બ્રહ્માબાબા અને યજ્ઞ માટે જેટલો જીગરી પ્રેમ હતો, તેટલો જ પ્રેમ માતેશ્વરીજી માટે પણ હતો. જગદંબા માઁ પાસેથી મળેલી માતૃસભર પાલનાનાં રિટર્નમાં દાદીજીએ પણ મમ્માનાં અવ્યક્ત આરોહણના જૂન મહિનાને જ પસંદ કર્યો અને ૩ જૂન, ૨૦૧૨ ના રોજ ભૌતિક જગતને અલવિદા કર્યું. આજે પણ સૂક્ષ્મવતનમાં કલ્પવૃક્ષનું મુખ્ય મૂળ બનીને આત્માઓ રૂપી પાંદડાઓને પ્રેમનું પાણી અને શક્તિઓનો સકાશ આપી રહ્યા છે. આવા કલ્પવૃક્ષના મૂળમાં બિરાજમાન મહાન તપસ્વી દાદી બ્રિજશાંતાજીને અમારા કોટિ કોટિ વંદન..!

અનુવાદ - બ્ર.કુ. વિજય પોશિયા,
ઈન્ડિયા કોલોની, અમદાવાદ.

**॥ ઓમશાંતિ ॥**

- **શુભચિંતક આત્મા સર્વની સંતુષ્ટતાનું સહજ સર્ટિફિકેટ લઈ શકે છે. શુભચિંતક જ સદા પ્રસન્નતાની પર્સનાલિટીમાં રહી શકે છે. તે વિશ્વ સમક્ષ વિશેષ પર્સનાલિટીવાળા પૂજનીય બની જાય છે.**

# નિશ્ચયનું બળ

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી



જ્ઞાનવાન ભાઈબહેનો નિશ્ચયના મહત્વને જાણે જ છે. પ્રિય બાબાએ ઘણી વાર કહ્યું છે કે નિશ્ચયનો વિજય થાય છે. નિશ્ચયાત્માનો વિજય શા માટે થાય છે? કારણ કે તેનું મન ડામાડોળ બનતું નથી, પણ એનો સંકલ્પ દૃઢ હોય છે. એને આત્મવિશ્વાસ અને પરમાત્મા વિશ્વાસ હોવાને લીધે તે જે કંઈ કરે છે તે પૂરી તાકાતથી કરે છે. જેના મનમાં સંશય, શંકા અથવા અવિશ્વાસ હોય એના મનબુદ્ધિમાં જ એકતા હોતી નથી. એની બુદ્ધિ એક વાત કહે છે અને મન કંઈક બીજી જ વાત કરવા ઈચ્છે છે અર્થાત મન અને બુદ્ધિમાં સંઘર્ષ થાય છે. નિશ્ચયવાળો મક્કમતાથી કાર્ય કરે છે. સંશય રૂપી શત્રુ એના ઉમંગ ઉત્સાહ અને સાહસને ભાંગી શકતો નથી. નિશ્ચયબુદ્ધિ આત્મા વિચારે છે કે હું સારું જ કાર્ય કરી રહ્યો છું. કોઈનું પણ ખરાબ કરવાનો પ્રયાસ કરતો નથી. તો મારો વિજય કેમ ના થાય? વિજય થશે, અવશ્ય થશે. ભલે ગમે તેટલાં વિઘ્નો આવે, તે ટકી નહીં શકે. કડકભૂસ બની જશે. કારણ કે સારું કાર્ય કરનારનો ભલે આખી દુનિયા વિરોધ કરે ‘ભગવાનતો એને સાથ આપે જ છે. જ્યાં સ્વયં ભગવાન હોય, ત્યાં વિજય થાય છે જ.

બાબાએ એ પણ કહ્યું છે કે વિશ્વયવાળો નિશ્ચિંત હશે. તેને વિશ્વાસ છે કે તે શ્રીમત અનુસાર કાર્ય કરી રહ્યો છે તેથી તે નિશ્ચિંત બને છે. પવિત્રતાના મજબૂત પાયા ઉપર પગ મૂકેલા છે તો ચિંતા કઈ વાતની? તે તો ધર્મરાજથી પણ ડરતો નથી. સૌથી પહેલો નિશ્ચયતો એ છે કે હું આત્મા છું. શિવબાબા સર્વશક્તિવાન છે અને મારા સાથી, સખા તથા સહાયક છે. આવા નિશ્ચયવાળાને બીમારી તો આવી જ નથી શકતી. આવે છે તો તે એટલો પ્રભાવ પાડી શકતી નથી. તે સમજે છે કે હું શિવબાબાનો વારસ છું અને એમની છત્રછાયામાં છું. વળી સૃષ્ટિનાટક (ડ્રામા)માં પણ એને નિશ્ચય છે. જે કલ્પ પહેલાં થયું હતું, તે થશે. હવે કંઈ બનવાનું નથી. પુરુષાર્થ કરવો તે આપણું કર્તવ્ય છે. નિંદા-સ્તુતિ, જય-પરાજયમાં આપણે જવાનું જ નથી. આપણે યોગી છીએ. યોગીએ આવી બાબતોમાં ઉપરામ રહેવાનું છે. આ સર્વને ખેલ સમજીને સાક્ષી બનીને જોવાનું છે. આજ તો આપણો પુરુષાર્થ છે. આપણે તો વૈજયંતીમાળામાં આવવાનું છે. ક્ષણિક વિજયની વાત નથી. આપણને તો બાબા વિજયતિલક લગાવશે અને બાબા જ કહે છે કે તમે વિજયી વત્સ છો. હે અર્જુન, તમે ધનુષ્યબાણ ઉઠાવો. પુરુષાર્થ કરો. બાકી વિજય તો તમારો થવાનો જ છે. અગિયાર અક્ષૌહિણી સેના પણ તમારું કંઈ બગાડી શકવાની નથી. તમે નિશ્ચિંત રહો બસ એજ નિશ્ચય કરો કે હું ભગવાનની શરણમાં છું અને કલ્પ પહેલાંવાળો વિજયી વત્સ છું.

નિશ્ચયની વાત સંક્ષિપ્તમાં કહી છે પરંતુ નિશ્ચયની જેમ ભાવનાનું પણ બહુ મહત્ત્વ છે. શુષ્ક નિશ્ચયમાં રસ નથી, ખુશી નથી, ઉમંગ નથી. ભાવના હોવી ઘણી ઊંચી ચીજ છે. કોઈને એ પ્રશ્ન ઉઠી શકે છે કે ભાવના શું ચીજ છે? શું નિશ્ચયનું બીજું નામ ભાવના નથી? ઉત્તર છે કે ભાવનામાં સન્માન, શ્રદ્ધા, મનનો ગહનપ્રેમ, કોઈના પ્રત્યે

કંઈક સેવા કરવાનો ભાવ, એને બહુ ઉચ્ચ માનવાનો ભાવ વગેરે તેમાં સમાયેલાં છે.

પરમાત્મામાં નિશ્ચય હોવો તે એક વાત છે પરંતુ એમના પ્રત્યે અતુલ પ્રેમ, આદરભાવ, સેવાભાવ, સમર્પણભાવ તથા આત્મીયતા હોય તો આપણે કહીશું કે પરમાત્મામાં ભાવના છે. ભાવનાનું પોતાનું ફળ છે. ભાવના પોતાના પ્રિયતમ, આદરણીય, આદર્શમૂર્ત, મનના મીત પ્રત્યે હોય છે. એનાથી જ પરમાત્માના પ્રેમને આત્મા સહજ રીતે જીતી લે છે.

કોઈ વ્યક્તિ એ સમજે છે કે મારી ક્લાસ ટીચર છે તે તો નાની બાળકી જ છે. કાલ સુધી તો તે આ ક્લાસની વિદ્યાર્થિની હતી હું તો જૂનો છું અને જ્ઞાનને સારી સમજું છું અમને આ બહેન શું સંભળાવશે? આમ વિચારનારની બુદ્ધનાં કમાડ પૂરાં ખુલશે નહીં અને જ્ઞાન પૂરું મસ્તિષ્કમાં ઘૂસશે નહીં. એના બદલે જો કોઈમાં એ ભાવના છે કે આ તો શિવ બાબાએ નાની કન્યાઓને પણ શક્તિનો વારસો આપીને શક્તિ સ્વરૂપા બનાવી દીધાં છે. તો તે મુરલી સાંભળીને ગદગદ બનશે. આ શિવબાબાની મુરલી છે. આજ નિશ્ચય હોવો તે પૂરતું નથી પણ એના પ્રત્યે ભાવવિભોર બનવું, એને અમૃત સમાન સમજવું અને ટીચરને પણ શિવબાબાની ભૂજા, શક્તિ, જ્ઞાનગંગા વગેરે સમજીને એ ભાવનાથી એમને જોવાં આ ભાવના કલ્યાણકારી છે.

કેટલાક લોકો એવા હોય છે જેમની ના તો ભોગમાં ભાવના હોય છે, ના બ્રહ્મા ભોજનમાં, ના પ્રસાદમાં, ના ટીચરમાં, ના ઈશ્વરીય કાર્યમાં. એમનું અડધું જીવન તો આમ ચાલ્યું જાય છે. તેઓ આ સંગમયુગમાં પ્રાપ્ત થનારા અતીન્દ્રિય સુખનો પૂરો લાભ લઈ શકતા નથી અને પોતાના ભાગ્યને ઉચ્ચ બનાવી શકતાં નથી એમના માટે એ ઉદ્ગાર આવે છે કે તેઓ કોઈપણ પ્રકારે ભાવનાવાળા બને.

કેટલાક લોકો કહે છે કે અમારી તો ભાવના છે. પરંતુ એમની ભાવનાની સાબિતી કઈ? તેઓ કોઈપણ પ્રકારની ભાવનાને અભિવ્યક્ત તો કરતાં નથી. સેવાકેન્દ્ર પ્રત્યે એમની કઈ ભાવના છે? શું તેઓ તેને ભગવાનનું ઘર સમજીને સફાઈ કરે છે? ના. અનેકાનેક લોકો પોતાના પદ તથા પોતાની પદવીને કારણે આવું કાર્ય કરવામાં પોતાનું અપમાન સમજે છે. તેઓ બીમાર યા વૃદ્ધ યા નબળાં છે એવું પણ નથી. એમની એ ભાવના જ નથી કે ભગવાને આ યજ્ઞની રચના કરી છે. એમાં સેવાની તક મહાન ભાગ્યશાળીને જ પ્રાપ્ત થાય છે. આમે ય અનેક પ્રકારની સેવાઓ થાય છે. આપણા પરમપ્રિય પરમાત્માએ વિશ્વકલ્યાણ માટે આ યજ્ઞની રચના કરી છે. આપણે પણ આપણી કાયા કંચન સમાન બનાવી લઈએ. મનને સેવાથી સુધારી દઈએ. ધનને યથાશક્તિ સફળ કરીએ. અને ભવિષ્ય માટે કંઈક તો કરીએ. આપણા પ્રિયતમનું આ કાર્ય છે. અને આપણે બસ એમનાં પ્રેમ વચન, જ્ઞાન વચન સાંભળીને ચાલ્યા જઈએ છીએ. સપ્તાહ સુધી કંઈ પણ કરતા નથી.

એવા લોકો પણ હોય છે કે જેઓ સ્વયં તો કંઈપણ કરતા નથી અને જે કરનારા છે એમને તેઓ મૂર્ખ સમજે છે. તેઓ ટીકા ટિપ્પણી જ કરી જાણે છે. આવી વ્યક્તિઓ થોડી જ હોય છે. જેઓ કરતા નથી અને કરવા દેતા પણ નથી. તેઓ એવું સમજે છે અમે વધુ સમજદાર છીએ. આવા લોકોનું ભલું થાય કે સર્વનું કલ્યાણ થાય. આપણે કોઈ ભાવનાથી સારું કાર્ય કરી રહ્યા છે તેને ના રોકીએ.

કહેવાય છે કે ભગવાન ભાવનાના ભૂખ્યા છે. તેથી હવે જ્યારે ભગવાનને ઓળખ્યા છે તો

**(અનુસંધાન પેજ નં. 17 પર)**

## અમૃતધારા

# સ્વયંને પૂછો કે હું કેવું ફૂલ છું.

રાજયોગિની દાદી જાનકીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



આપણે સૌએ રત્નાગર બાબા સાથે સોદો કર્યો છે. બાબા આપણને જ્ઞાન-રત્નોથી ખેલવાનું, કમાણી કરવાનું શીખવાડે છે. દુનિયામાં જેની પાસે હીરા ઝવેરાત હશે તેઓને કેટલું અભિમાન હશે. પણ જ્યારે આ દુનિયામાંથી જશે ત્યારે ખાલી હાથે જશે.

આપણે સૌ બાબાના બાળકો છીએ. બાબા આપણને જે જ્ઞાન રત્ન આપે છે તે આપણે પોતાના દિલમાં, મનમાં સમાવી લીધાં છે, તેથી સાથે લઈ જઈશું. બાબાએ જે જ્ઞાનધન આપ્યું છે તે જન્મ-જન્માંતર આપણને સાથ આપતું રહેશે. એટલે બાબા સાથે ઘણો પ્રેમ છે. અતિપ્રેમ છે. પહેલાં બે આંખો ખુલવાથી આ બે આંખોથી શું જોવાનું છે તેની સમજણ આવી ગઈ છે. આ આંખોથી શું જોવાનું છે તેની સમજણ આવી ગઈ છે. આ આંખોથી જે કંઈ જોઈએ છીએ એનો મન પર, દિલ પર શો પ્રભાવ પડે છે? ઘણા સમયનું દુઃખ અને અલ્પકાળનું સુખ. હવે ત્રીજું નેત્ર મળ્યું છે તો આ આંખોથી જોવાની દૃષ્ટિ રુહાની (આત્મિક) દૃષ્ટિ બની ગઈ. સૃષ્ટિને બદલવા માટે વૃત્તિ પણ ઘણી શુદ્ધ સાફ થઈ ગઈ છે. દૃષ્ટિ, વૃત્તિ, વાણી, વાયબ્રેશન (આંદોલનો) ચારેમાં એક પણ પાસુ નબળું ન હોય. હવે આ આંકોથી દુનિયાને બદલવા માટે જોઈએ છીએ. જેનાથી દૃષ્ટિ-વૃત્તિ શ્રેષ્ઠ બને તેવું જ કાન સાંભળે છે. તે સિવાયની વાતો કાન સાંભળતા નથી. જો બહારથી પવિત્રતા બતાવીએ અને અંદર કંઈક બીજું હોય તો શું થશે? તે મોટું રૂપ લેશે. અંદર બહાર સફાઈ જોઈએ. પવિત્રતા એટલે અંદરથી પણ એકદમ સાફ. બાબા સૌ જાણે છે. બાબાથી કશુંયે છુપાવેલું નથી. અંદર બહાર સાફ છે, તો સૌને એ વાયબ્રેશન આવશે કે આ સાફ દિલ છે. એના મનમાં ખામી નથી. કોઈના માટે દ્વેષભાવ નથી. મનની સચ્ચાઈ - સફાઈ પર વિચારો કરો. સચ્ચાઈ પહેલાં જોઈએ યા સફાઈ પહેલાં? પહેલાં સફાઈ જોઈએ પછી ખબર પડે કે સચ્ચાઈ શું છે. સત્ય બાપને હાથ સોંપ્યા છે. સત્ય જ્ઞાન સાંભળી રહ્યા છીએ. સત્ય માર્ગ ઉપર ચાલી રહ્યા છીએ. સત્યખંડના માલિક બની રહ્યા છીએ. અંદર સચ્ચાઈ હોય તો જ સત્યના મૂલ્યની ખબર પડે છે. પછી અસત્ય સમાપ્ત થઈ જશે. જ્યાં સત્ય છે ત્યાં અસત્ય રહી શકે નહીં. જ્યાં અસત્ય છે ત્યાં સત્ય રહી શકતું નથી. અસત્યમાં તો શક્તિ હોતી નથી. સત્ય એ સત્ય છે. સાચો માણસ ખુશીમાં નાચે છે.

ફરિસ્તાને ધરતીનું આકર્ષણ હોતું નથી. પહેલાં આપણે ધરતી ઉપર બોજરૂપ હતા. હવે આપણે ધરતીનો બોજ હળવો કરી રહ્યા છીએ. વૃત્તિથી વાયબ્રેશન બનશે. સારા વાયબ્રેશનમાં રહેનારા, સારાં વાયબ્રેશન ફેલાવનારા બનો. કોઈના પ્રત્યે ખરાબ વાયબ્રેશન ના હોય. વાયબ્રેશન કેવી રીતે બને છે? મન અને વૃત્તિથી. મન યા વૃત્તિમાં કોઈપણ વાતનું વાયબ્રેશન બેઠેલું ન હોય. પોતાના કલ્યાણ માટે પોતાનાં મન-બુદ્ધિ સાફ રાખો. મારાથી બીજાને સારાં વાયબ્રેશન આવે એવું વ્યક્તિત્વ બનાવો. આ ગુપ્ત પુણ્ય કર્મ

કરવાનું છે. જે પોતાને ઈશ્વરીય સંતાન સમજે છે એને જ આવા ગુપ્ત પુણ્ય કર્મ કરવાના સંકલ્પ આવશે. આ આખો મારો પરિવાર છે. અંદર સૂક્ષ્મવૃત્તિમાં રહેમ, સ્નેહ, ક્ષમા ભરેલી હોય તો સર્વને સારાં વાયબ્રેશન પોતાની મેળે જ આવશે. આ ગુપ્ત પુણ્ય કર્મ છે.

મનના સંકલ્પથી ખબર પડે છે કે વૃત્તિમાં શું છે. જો આપણે સર્વનું ભલું કરીશું, તો ભગવાન આપણું ભલું કરશે. જે બીજાઓનાં દુઃખ દૂર કરે છે એનાં દુઃખ ભગવાન દૂર કરે છે. જે અન્યને મદદગાર બને છે, એને ભગવાન મદદરૂપ થાય છે. મદદગાર એને કહેવાય જે બીજાઓનાં દુઃખો દૂર કરતા રહે છે. મનમાં એવું નહીં વિચારે કે એણે દુઃખ શા માટે લીધું? પ્રથમ નંબરમાં એ આત્માઓ આવશે કે જે આવા પ્રશ્નોમાં અટવાશે નહીં, સમય બગાડશે નહીં.

આપણામાં રહેમ, સ્નેહની ભાવના કામ કરે. મંઝિલ ઊંચી છે. આપણે એકલા જઈને શું કરીશું? સાથે જવાનું છે. આપણે જઈ રહ્યા છીએ, બાબા લઈ જઈ રહ્યા છે, બાબા સાથે છે. એટલાં વાયબ્રેશન શક્તિશાળી હોય જેથી બીજાઓને પણ સાથે ચાલવાની પ્રેરણા મળે. બાબાએ જે પણ ગુપ્ત સેવાવૃત્તિ, વાયબ્રેશન, વાણી, દૃષ્ટિ આપી છે તેનાથી જુઓ કે આપણી આંખો કેવી છે? બાપને, સ્વયંને, પરિવારને કઈ રીતે જોઈએ છીએ? જે બાપને પણ નથી જાણતા એમને પણ કઈ દૃષ્ટિથી જુઓ છો? પોતાની આંખોને પૂછો, દૃષ્ટિને પૂછો કે તું કઈ રીતે જુએ છે? દૃષ્ટિને પૂછો પછી વૃત્તિને પૂછો. દૃષ્ટિ વૃત્તિ એક-બીજાની નજીક છે. વૃત્તિમાં સચ્ચાઈ-સફાઈ નથી તો જોઈ શકતા નથી. કચરો છે તો જોઈ શકતા નથી. જો આંખમાં કચરો પડે છે, તો કેટલું દુઃખ થાય છે. જો વૃત્તિમાં કંઈક આવી જાય છે. તો દુઃખ હર્તા બાપનાં બાળકો બની શકતા નથી. તો વૃત્તિમાં કંઈ આવે નહીં. જેમ શરીરના સર્વ અંગોમાં વધારે રક્ષણ પણ આંખોનું કરીએ છીએ. દૃષ્ટિ છે તો દુનિયા છે. દૃષ્ટિ નહીં તો દુનિયા શા કામની? આ સેવાધારી છે. નહીં તો બાબાના કામના નથી. કામ કરી રહ્યા છીએ. બાબા કરાવી પણ રહ્યા છે. બાબાના આપણે જેટલા ઉપયોગી બાળક છીએ તેટલું કામ કરીએ.

જેમ કે માળી પોતાનાં ફૂલોને જુએ છે. વાયબ્રેશન ભરે છે એ રીતે બાબા પણ આપણને દૃષ્ટિ આપીને ફૂલ બનાવી રહ્યા છે. જંગલમાં રહેનારાઓને ફૂલ બનાવવાના છે. એવા ફૂલ બનો કે જેને જોઈને સૌ ખુશ થાય. સ્વયંને પૂછો કે હું કેવું ફૂલ છું. બાબાની સાથે સારો બગીચો બનાવવામાં હું મદદગાર છું? બાકી એવું ના વિચારો કે હું સેવા માટે યોગ્ય નથી. આવું વિચારીને ડિપ્રેશનમાં ના આવો. હતાશ થવાથી શક્તિહીન બની જવાય છે. બીજાઓની સાથે તુલના કરવાથી અહંભાવ થાય છે અથવા તો સ્વમાનથી નીચે ઉતારી જવાય છે. તો સ્વયંની કોઈની સાથે તુલના ના કરો. બાબાની મારી પાસેથી શી અપેક્ષા છે? ઉમંગ-ઉલ્લાસમાં રહેવાથી બાબાની સામે જ્યારે જઈશું ત્યારે બાબા કોઈને કોઈ સારી પ્રેરણા આપશે. આપણામાં કાર્ય કરવાની શક્તિ પણ ભરી દેશે. હું આ નહીં કરી શકું તેવો પ્રશ્ન પણ ના ઊઠે.

બાબા જ્યારે સેવા આપે છે તો સર્વ શક્તિ પણ આપે છે. માત્ર સલાહ-સૂચન જ આપતા નથી. અનુભવ થાય છે કે બાબા શક્તિ પણ આપે છે. તો યોગ કરવાથી શક્તિ મળે છે. બીજું સદા મર્યાદાઓનું પાલન કરવાથી શક્તિ એકઠી થાય છે. ત્રીજું નિષ્કામ સેવા. સાચા દિલથી સેવા કરવાથી શક્તિ મળે છે. ચોથું ઈશ્વરીય પરિવારના સ્નેહસૂત્રમાં બંધાઈ જવાથી શક્તિ મળે છે. પાંચમું નિરંતર હિંમત, ઉમંગ-ઉલ્લાસમાં રહેવાથી શક્તિ

મળે છે. છતું સ્વયંને ઈશ્વરીય પરિવારને, બાપને સદા પોતાના મિત્ર જાણવાથી શક્તિ મળે છે. મારો કોઈ શત્રુ છે જ નહીં. ક્યારેય એવો ખ્યાલ ન આવે કે કોઈ મારો શત્રુ છે. આપણે સ્વયં સ્વયંના મિત્ર છીએ. કોઈના ચઢાવવાથી આપણે ચઢતા નથી. કોઈના પાડવાથી આપણે પડતા નથી. આપણે જો એમ વિચારીએ કે કોઈ મને સહકાર આપે, તો આ પ્રકારની વિચારધારાથી શ્રેષ્ઠ વિચારોની શક્તિ જમા થશે નહીં. આવા પ્રકારની વિચારધારા શ્રેષ્ઠ પુરુષાર્થીનાં લક્ષણ ધારણ કરવા નહીં દે.

શ્રેષ્ઠ પુરુષાર્થનાં લક્ષણો ક્યાં છે તેનું લીસ્ટ બનાવો. તેઓ અંદરથી અચલ-અડોલ રહે છે. નાની-મોટી વાતોની હલચલમાં આવતા નથી. કોઈ હલાવે છે, તો હાલતા નથી. જેઓ અંદરથી પોતાનો પાયો મજબૂત કરે છે, તેઓ હાલતા નથી. જે ગુપ્ત યોગી બનીને પોતાનો પાયો મજબૂત રાખે, તે શ્રેષ્ઠ પુરુષાર્થી છે. કોઈપણ મકાનનો આધાર પાયા ઉપર રહેલો છે. તેથી પાયો ઊંડે સુધી ખોદવામાં આવે છે. જે જ્ઞાનની ગહનતામાં જાય છે, પાયો મજબૂત કરે છે, એનો કરેલો પુરુષાર્થ સદા કામમાં આવે છે. તો પહેલાં પાયાને મજબૂત બનાવવાથી સારી ઈમારત બનશે. પાયો મજબૂત છે, તો કોઈપણ કારણથી હાલશે નહી. આ મહેનત પોતે કરવાની છે. નિમિત્ત સંગઠ્ઠનનો આધાર, પરિવારનો આધાર છે. નામના ભિખારી બનશો નહીં. મારું નામ આવતું નથી. મારો રોલ નથી. આવું વિચારનારા આત્મ અભિમાની બની શકતા નથી. રોલ માટે જે સભાન છે તે સમય બરબાદ કરે છે. મને ખબર હોવી જોઈએ મારો રોલ શો છે? આ રીતનો જે પુરુષાર્થ કરે છે તેને શ્રેષ્ઠ પુરુષાર્થી ગણી શકાય નહીં. તે શ્રેષ્ઠ પુરુષાર્થીનાં લક્ષણો પોતાનામાં લાવી શકતો નથી. એવું અનુભવો કે જે બાબા આપી રહ્યા છે તે સાથે લઈ જઈ રહ્યા છીએ. તે ત્યાં સેવામાં કામમાં આવશે. મુખ્યત્વે સંકલ્પ અને વૃત્તિને ચેક કરવાનાં છે. જેનાથી દૃષ્ટિ પણ શ્રેષ્ઠ બને.

બાબાને આપણે કેટલા સારા લાગીએ છીએ? બાબા કદી એમ નહીં કહે કે તમે સારા નથી. ઘણા સારા છો, સારા છો, સારા છો કહીને કાન પકડશે. ચતુરસુજાન ઘણા પ્રેમથી સમજાવે છે. ધમકાવતા નથી. પોતાના બનાવીને સમજાવે છે. સૌ મારા બનીને રહે, તેવી બાબાની ઈચ્છા છે. બાપથી ડરો નહીં. તેથી તો માત-પિતા, સખા-સાજનનું રૂપ ધારણ કર્યું છે. બાબા કહે છે ડરશો નહીં સખાના સંગમાં જશો, તો સુધરી જશો.

બાબા હોશિયાર ધોબી છે. આપણને સારી રીતે સ્વચ્છ કરે છે. જેવું બાબા કરે છે તેવું આપણે કરવાનું છે. બીજાઓ શું કરે છે તે જોશો નહીં. સવારથી રાત્રિ સુધી મારી દૃષ્ટિ શા શા કામ કરે છે તે પણ ચેક કરવાનું છે.

## પ્રશ્નોત્તર

**પ્રશ્ન -** લક્ષ્ય રાખવાનું શું મહત્ત્વ છે? આપણે કેવું લક્ષ્ય રાખવું જોઈએ?

**ઉત્તર -** લક્ષ્યનું મહત્ત્વ ઘણું મોટું છે. આપણું લક્ષ્ય એ આપણા માટે અરીસો છે. અરીસામાં જોવાથી ખબર પડે છે કે મારામાં કંઈ ખામી છે અને શું બનવાનું છે. આપણું પહેલું લક્ષ્ય એ હોય કે આપણે બાબાની નજીક જવાનું છે. એ માટે દિલ સાફ હોય. સારો અભ્યાસ કરનાર બાબાની સમીપ રહે છે. તે અલબેલા કે આળસુ હોતો નથી. તેથી તે બાબાની નજીક આવે છે. આળસ જ તેને બાબાથી દૂર લઈ જાય છે. ભગવાનનો બાળક આળસુ હોય, તે શોભતું નથી. આળસુનો ચહેરો કરમાયેલો લાગે છે. તે સારી રીતે ભણી શકતો નથી કે પાલના લઈ શકતો નથી. લક્ષ્યનું સ્મરણ કરીને લક્ષ્યની સ્મૃતિમાં પણ તે રહી શકતો નથી.

જે કરવાનું છે તે અત્યારે કરી લો, આવું જોશ જોઈએ. પુરુષાર્થમાં ઠંડાપણું ન ચાલે.

અવસ્થા શીતળ હોય, સ્વભાવ શીતળ હોય પરંતુ પુરુષાર્થ શીતળ ન હોય. જે અલબેલાપણું અને આળસ છોડે છે તે બાબાની સમીપ આવી જાય છે. તે કોઈને પણ જોતો નથી. સમસ્યા આવી કે બાબા પાસેથી શક્તિ મળી ગઈ. ક્યાંય પણ મૂંઝાવાની જરૂર નથી. બાબા કંઈ પણ ન બોલે. એમની સામે આવી જાઓ, તો ઘણી શક્તિ મળે છે. બાબાની સામે આવવાથી જ કરન્ટ મળે છે. બાબાનું આકર્ષણ નજીક આવવાથી અનુભવાય છે. ધ્યાન રહે. કોઈપણ ખામીને કારણે હું બાબાથી દૂર ના જાઉં. જૂની વાતો અને જૂના સ્વભાવ સંસ્કાર ઘણા સખત છે. એનાથી આપણે છૂટવાનું છે. બાબાની સમીપતા સદાને માટે જૂની દુનિયાથી દૂર કરી દે છે. લાગે છે કે આ દુનિયા જૂની અને પારકી છે. મારી નથી, એ પાક્કું થઈ જાય છે. પરમાત્મા પિતા સાથે સંબંધ છે તો તેનાથી અતિસુખનો અનુભવ થાય છે. જેમાં દુનિયાના દુ:ખ કલેશ ખતમ થઈ જાય છે.

પહેલું લક્ષ્ય એ હોય કે હું બાબાની સમીપ આવું. સમીપ આવવાનું લક્ષ્ય તે રાખી શકે છે, જેને જ્ઞાની યોગી આત્મા બનવાની અંદરમાં લગન છે. સેવા કઈ રીતે કરું - એ ખ્યાલ ના રહે, પરંતુ જ્ઞાની યોગી આત્મા કઈ રીતે બનું જેનાથી બાપને પ્રિય બનું. આ લક્ષ્ય રહે છે. જે સંપન્ન બનવા માટે આતુર છે તે સમીપ આવવા ઈચ્છે છે. જે સંપન્ન બનવાની ઈચ્છા રાખે છે તે કર્માતીત પણ બની જાય છે. બાબા એને કર્મબંધનોથી મુક્ત કરીને કહે છે કે મારી પાસે આવો. બાબા સર્વ કાંઈ કરીને પોતાને છુપાવે છે. બાબા કહે છે હું કંઈ જ કરતો નથી. બાબા કરે છે તેનાથી મારાપણાનું અભિમાન દૂર થાય છે. ગુણોમાં સંપન્ન બનવાનું છે અને કર્મબંધનોથી મુક્ત બનીને કર્માતીત બનવાનું છે. લક્ષ્ય બદલાતું નથી. લક્ષ્ય સ્વરૂપ બનવા માટે લક્ષ્યદાતાને યાદ રાખવાના છે. કદીયે પુરુષાર્થમાં હળવાશ ન આવે તેનું ધ્યાન રાખવાનું છે.

॥ **ઓમશાંતિ** ॥

- **પોતાની યા બીજાની વીતેલી વાતોને નહીં જુઓ તો સરળચિત્ત બની જશો. જે સરળચિત્ત હોય છે એનામાં મધુરતાનો ગુણ પ્રત્યક્ષ જોવા મળે છે. એમના નયનોથી, મુખથી, ચલનથી મધુરતા પ્રત્યક્ષ રૂપમાં જોવા મળે છે.**

**(પેજ નં. 26 અનુસંધાન)... પરમાત્મ શક્તિની**

દેહના સર્વ સંબંધોને ભૂલી જાઓ.. એકરસ, પ્રેમવિભોર બની પરમાત્માના અપાર પ્રેમની વર્ષા, દિવ્યગુણો અને શક્તિઓના કિરણાના સકાશની પ્રાપ્તિ થઈ રહી છે. એવા અનુભવમાં ખોવાઈ જાઓ.. મુજ આત્માની અંદર-બહાર.. ચારે તરફ નીરવ ગહન શાંતિ અને શક્તિનો પ્રવાહ વહી રહ્યો છે... ઓમ શાંતિ.. ઓમ શાંતિ... ઓમ શાંતિ...

## સ્વાધ્યાય

આ પ્રમાણે રાત્રે તથા વહેલી સવારે અમૃતવેળાએ, પ્રભુસ્મૃતિમાં એકાંતચિત્તથી અભ્યાસ કરતા રહેવાથી પ્રભુકૃપા યા પ્રભુના વરદાનોની પ્રાપ્તિ થશે. દિવસ દરમિયાનના સર્વ કર્મો આત્મિક સ્મૃતિ અને પરમાત્માની યાદમાં રહીને કરવાથી અન્ય આત્માઓ પણ શાંતિ, પ્રેમ, સંતુષ્ટતા અને ખુશીનો અનુભવ કરશે અને તેઓની પણ દુઆ પ્રાપ્ત થશે.

॥ **ઓમશાંતિ** ॥

## જ્ઞાનવીણાવાદિની મા સરસ્વતી

# એક અદ્‌ભુત જીવનવૃતાંત

બ્ર.કુ. પ્રીતિબહેન, ભાટ, ગાંધીનગર



યા કુન્દેન્દુ તુષાર હાર ધવલા
યા શુભ્ર વસ્ત્રાવૃત્તા
યા વીણા વર દંડ મંડિતકરા
યા શ્વેત પદ્માસના॥
યા બ્રહ્માડચ્યુત શંકર
પ્રભુતિંમિ દેવૈઃ સદા વંદિતા
સા માં પાતુ સરસ્વતી
ભગવતી નિશેષઃ જાડ્યા પહાઃ॥

'જેઓ મોગરો, ચંદ્ર કે બરફના હાર જેવા ગૌર વર્ણ છે જેમણે શ્વેત વસ્ત્રો પહેરેલા છે. જેમના હાથ વીણાના સુંદર દંડથી સુશોભિત છે. જેઓ શ્વેત કમળ પર બિરાજમાન છે, બ્રહ્મા-વિષ્ણુ-મહેશથી માંડીને બધા જ દેવતા જેમની હંમેશા સ્તુતિ કરે છે. તે સમગ્ર અજ્ઞાનનો નાશ કરનાર દેવી સરસ્વતી મારું રક્ષણ કરો.'

આપણે સૌ વિદ્યાર્થી અવસ્થામાં શાળામાં નિત્ય નિયમાનુસાર સરસ્વતી વંદના અચૂક કરતાં હોઈએ છીએ. તો જરૂર એક સમયે જ્ઞાનની દેવી સરસ્વતીએ એ જ્ઞાનવીણા વગાડીને અજ્ઞાનનો નાશ કર્યો જ હશે. પરંતુ નિત્યપ્રતિ પ્રાર્થના કરવા છતાં મા સરસ્વતીના દિવ્ય જીવન વિશે આપણે જાણતા ન હતાં. પરંતુ આ પુરુષોત્તમ સંગમયુગમાં આપણે સૌ તેનો પ્રત્યક્ષ અનુભવ કરી રહ્યાં છીએ.

કારણ કે વર્તમાન સમય કલિયુગી અજ્ઞાન અંધકારનો સમય છે અને આજ સમયે જ્ઞાન સાગર પરમપિતા પરમાત્મા શિવ સૃષ્ટના નવસર્જન હેતુ પોતાના વાયદા અનુસાર (જ્યારે સમગ્ર સૃષ્ટિ પર અજ્ઞાન અંધકાર છવાઈ જાય છે ત્યારે હું પરબ્રહ્મ જ્યોતિ સ્વરૂપ શિવ બ્રહ્માની ભ્રુકુટી મધ્યે પ્રકટું છું અને શિવશક્તિની ઉત્પતિ કરી અજ્ઞાનતા રૂપી આસુરીતાનો સંહાર કરાવું છું - શિવ પુરાણ) દિવ્ય અવતરણ કરે છે.

નિરાકાર પરમાત્મા જ્યોતિબિંદુ સ્વરૂપ શિવે સૃષ્ટિ નવસર્જનના ભગીરથ કાર્ય હેતુ દાદા લેખરાજના અનેક જન્મોના આ અંતિમ ચરણમાં તેમની કાયામાં દિવ્યપ્રવેશ કરીને ઈશ્વરીય મહાવાક્યો ઉચ્ચારણ કરવાનો પ્રારંભ કર્યો હતો. એ જ ક્રમમાં થોડા સમય બાદ 'પરમપિતા શિવે' દાદાના આ અલૌકિક જીવનના પ્રતીક રૂપ પિતાશ્રી 'પ્રજાપિતા બ્રહ્મા' નામ આપ્યું અને તેમના મુખારવિંદ દ્વારા પરમાત્મા શિવનું જ્ઞાન સાંભળી પવિત્ર બનવાનો પુરુષાર્થ કરનાર નર-નારી બ્રહ્મા મુખવંશાવલી બ્રાહ્મણો અર્થાત્ બ્રહ્માકુમાર-બ્રહ્માકુમારી કહેવાયા.

પરમપિતા શિવ તથા પ્રજાપિતા બ્રહ્માએ વિશ્વને પાવન બનાવવાની સેવા પ્રારંભ કરવાનો જે સંકલ્પ લીધો તથા કાર્ય પ્રારંભ કર્યું તેમાં તેઓએ કન્યાઓ અને માતાઓ અર્થાત્ નારી જાતિને મહત્ત્વપૂર્ણ સ્થાન આપ્યું. તેમણે સંસારને એક નારો આપ્યો કે 'જ્યારે નારી જાગશે ત્યારે જગ જાગશે.' અને નારી શક્તિરૂપા બની જગતકલ્યાણી બનશે અને સ્વર્ગનું દ્વાર ખોલશે. આવા સુંદર સતસંગમાં આવનાર માતાઓ-બહેનોમાં એક વિશિષ્ઠ કુમારી પણ હતી. તેનું નામ રાધા હતું. તે પાછળથી ૐ રાધેના નામે પ્રખ્યાત

બની. તે વીણા વગાડવામાં ખૂબ કુશળ હતી અને મધુર કંઠે ગાઈ પણ શકતી. તેના સ્વરોમાં એક જુદી જ દિવ્યતા હતી. જ્યારે તેણે બાબાના મુખ દ્વારા સાચું ગીતાજ્ઞાન સાંભળ્યું ત્યારે તેનું મન આનંદથી પુલકિત થઈ ઉઠ્યું. એ આનંદની તુલનામાં તેમને સંસારના સર્વ સુખો તુચ્છ લાગવા લાગ્યા. તેમણે તે જ ઘડીએ પોતાના જીવનનો ફેંસલો કર્યો કે, 'આ જીવન પર્યંત બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરીશ, જ્ઞાનઅમૃત પીવાના-પીવડાવવાના આ શ્રેષ્ઠ કાર્યમાં જીવનને લગાવી દઈશ.

થોડા સમય બાદ 'પરમાત્મા શિવે' આ કન્યા ૐ રાધેને વિદ્યાલયના મુખ્ય પ્રશાસિકા તરીકે નિયુક્ત કરીને 'યજ્ઞમાતા'ના સ્થાન પર સ્થાપિત કર્યાં. તેઓનું અલૌકિક જીવનના પ્રતીક રૂપ નામ 'માતેશ્વરી જગદંબા સરસ્વતી' આપ્યું. પરમાત્મા શિવે જ્યારે નારીઓને શિવશક્તિ રૂપા બનાવવાના જે કાર્યનો પ્રારંભ કર્યો તેમાં દાદા (બ્રહ્માબાબા)એ પણ સૌ પ્રથમ પોતાની જે પણ સ્થાવર તથા જંગમ સંપત્તિ હતી તે અને 'ઓમનિવાસ', 'કુંજ ભવન' જેવા વિશાળ ભવનો હતાં તે સર્વે ઈશ્વરીય સેવાના કાર્યમાં એ કન્યાઓ-માતાઓને સમર્પિત કરી દીધાં. તેમણે કન્યાઓ માતાઓની એક સમિતિ (ટ્રસ્ટ) બનાવી અને તેઓને આ કાર્ય સોંપી દીધું. સાથે સાથે અનેક ભાઈ-બહેનોએ પણ પોતાનું સર્વસ્વ આ જ્ઞાન યજ્ઞમાં હોમી દઈ એક મહાન કર્તવ્યનો મજબૂત પાયો નાંખ્યો હતો. કે જેથી તેઓ સ્વયં પવિત્ર, જ્ઞાનનિષ્ઠ અને યોગયુક્ત બની અથવા જ્ઞાનગંગાઓ બનીને જન-જનના મનોવિકારોને છોડાવી તેમને પવિત્ર બનાવે. આ એ કન્યાઓ માતાઓ હતી જેમણે સિંધમાં એ પ્રારંભિક કાળમાં પવિત્રતાના વચનને નિભાવવા માટે લૌકિક સંબંધીઓ દ્વારા કરવામાં આવેલ અનેકાનેક સીતમ પણ સહન કર્યાં.

આ સંગઠનમાં પ્રતિદિન ૐ ધ્વનિનું ઉચ્ચારણ થતું તેના દ્વારા સૌને આત્મિક સ્થિતિની ગહન અનુભૂતિ થવા લાગી. તેથી લોકો તેને ૐ મંડળીના નામે ઓળખવા લાગ્યા. ત્યાર બાદ પરમાત્મા શિવના આદેશ અનુસાર સન 1937માં વિધિવત્ 'પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય'ની સ્થાપના થઈ.

માતેશ્વરી સરસ્વતી ફક્ત સોળ વર્ષની વયથી જ પરમાત્મા શિવે ચિંધેલ જ્ઞાન-યોગના પંથે ચાલવું શરૂ કરી દીધું. નાની ઉંમર હોવા છતાં પોતાની મધુર વાણી, દિલનો સ્નેહ, યોગનો ગહન અભ્યાસ તેમજ સંચાલનની કુશળતાથી માતેશ્વરીજીએ ખૂબ સન્માનીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. યજ્ઞ વત્સો તેમને પ્યારથી મમ્મા કહીને સંબોધન કરતાં કારણ કે તેમના વ્યવહારમાં જગતમાતાની ભાસના હતી. હવે ત્રિકાળજ્ઞાની પરમપિતા પરમાત્મા કે જે ત્રણે કાળોને જાણે છે તે શિવે બ્રહ્માબાબાના તનમાં પ્રવેશ કરીને બધાને એવો નિર્દેશ કર્યો કે દરેક પોતાના પિતા, પતિ, પાલક પિતા અથવા સંરક્ષક પાસેથી ચિઠ્ઠી લઈ આવે કે જેમાં એવું લખેલું હોવું જોઈએ કે, 'અમે અમારી દીકરી અથવા સ્ત્રીને રાજીખુશીથી રજા આપીએ છીએ. તો તે ભલે ઓમ મંડળી ૐ રાધે પાસે જ્ઞાન અમૃત પીવા તથા પીવડાવવા જાય.' આ પ્રકારે ઘણી માતાઓ કન્યાઓ, તથા ભાઈઓ ચિઠ્ઠી લાવ્યા. સ્વયં બાબાએ પોતાની લૌકિક પુત્રી, પુત્રવધુ રાધિકાને તથા પોતાની ધર્મપત્ની જશોદાને પણ આ પ્રમાણે પત્રો લખી આપ્યા.

જ્ઞાનની ધારણાના પરિણામ સ્વરૂપ માતેશ્વરીજીમાં ગજબની સત્યતાની શક્તિ દૃષ્ટિગોચર થતી હતી. તેમના જીવનનો એક પ્રસંગ ખૂબ યાદગાર છે. જ્યારે આ વિદ્યાલય

સિંધમાં પ્રાથમિક તબક્કામાં હતું. ત્યારે ત્યાંની અમુક વગદાર વ્યક્તિઓએ આ ઈશ્વરીય પ્રવૃત્તિ બંધ કરાવવા રીતસરનું અભિયાન ચલાવેલું તેની પાછળનું કારણ એટલું જ કે એ સતસંગમાં બ્રહ્મચર્ય પર વિશેષ ભાર મૂકવામાં આવતો. તેથી મામલો કોર્ટ સુધી પહોંચ્યો હતો. કેસની બાબતમાં ૐ મંડળીની વ્યવસ્થાપક સમિતિની પ્રમુખ 'ૐ રાધેજી'ને ન્યાયાલયમાં સાક્ષી તરીકે બોલાવવામાં આવ્યા હતાં. કારણ કે માતાઓ - કન્યાઓની આ ઈશ્વરીય જ્ઞાનયજ્ઞની સંભાળ રાખવા, દિવ્ય-ગુણોની મૂર્તિ ૐ રાધેજ નિમિત્ત હતાં. કોર્ટમાં મમ્માએ તેમની નીડરતા અને સત્યતાની શક્તિનાં દર્શન કરાવ્યાં હતાં. તેમણે ગીતા પર હાથ મૂકીને સોગંદ લેવાની સાફ ના પાડી દીધી. તેમણે કહ્યું કે તમે જે રીતે સોગંદ લેવડાવો છો કે હું ઈશ્વરને હાજીર નાજીર સમજીને જે કહીશ તે સત્ય જ કહીશ આ વિધાન જ સત્યથી વેગળું છે. ઈશ્વરી હાજીર-નાજીર અર્થાત્ સર્વવ્યાપક છે જ નહીં. તેઓ તો પરમધામના નિવાસી છે. માટે આ પ્રકારના સોગંદ લેવા કે લેવડાવવા વ્યર્થ છે. મમ્માએ જણાવ્યું કે હું પરમાત્મા શિવે આપેલ જ્ઞાનને અનુલક્ષીને સોગંદ લેવા તૈયાર છું કે હું આત્મા સ્વયંને પરમાત્મા શિવનું સંતાન સમજીને જે કહીશ તે સત્ય કહીશ. આ પ્રકારની મમ્માની અડગતા હતી. આખરે જજ સાહેબે આ પ્રકારના સોગંદ લેવાનો આગ્રહ પડતો મૂક્યો. ત્યાર બાદ જજ સાહેબે જ્યારે પૂછ્યું કે - તમે બતાવો કે તમને બધાને ખૂબ જ રોકવા છતાં પણ તમે ઘર-બાર છોડીને 'દાદાની' પાસે શા માટે ચાલી ગયા? ત્યારે ૐ રાધેજી એ કહ્યું કે જજ સાહેબ જ્યારે કોઈ પુરુષ સન્યાસ લે છે અને ઘરબાર છોડીને ચાલ્યો જાય છે ત્યારે તેમની ઉપર કાયદેસર કેસ શા માટે કરવામાં નથી આવતો? ભગવાનની દૃષ્ટિએ નર અને નારી બંને એક સમાન છે. હવે ભગવાને માતાઓ કન્યાઓ પર જ્ઞાનકળશ મૂક્યો છે. તો જ્યારે અમને સૌ માતાઓને પવિત્રતા અને ઈશ્વરીય જ્ઞાનની પ્રાપ્તિનો અવસર મળ્યો છે, જ્યારે અમે સર્વે માતાઓ જ્ઞાનયુક્ત અને પવિત્ર જીવન પ્રાપ્ત કરવા ઈશ્વરીય સતસંગમાં જઈએ છીએ ત્યારે અમને આ પ્રશ્ન શા માટે પૂછવામાં આવે છે? મમ્મા કોઈ જ દાબ દબાણને વશ ન થયા. ૐ રાધે જ્યારે કઠેરામાંથી નીચે ઉતરીને આવતા હતાં ત્યારે જનતાએ એક વાર ફરીથી તેમને તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધા.

14 વર્ષની ગહન યોગ તપસ્યા દરમિયાન યજ્ઞ-વત્સોના પાલન-પોષણની સંપૂર્ણ જવાબદારી તેમણે સુચારુ રૂપથી નિભાવી.યજ્ઞ વત્સો યજ્ઞ માતા અને યજ્ઞ પિતાના સ્નેહથી સ્વર્ગના સુખો કરતાં પણ શ્રેષ્ઠ સુખનો અનુભવ કરતાં હતાં. તેમનો નિષ્કામ, શુદ્ધ અને આત્મિક પ્રેમ અકથ્ય છે. આ ધરતી પર ઈશ્વર દ્વારા પાલના લેવાનો આજ એક માત્ર સોનેરી અવસર હતો. માતેશ્વરીજી યજ્ઞની જવાબદારીને સંપૂર્ણ પણે સંભાળવા છતાં ઈશ્વરીય જ્ઞાન અને દિવ્યગુણોની ધારણામાં બીજા બધાથી આગળ હતાં. તેમને જોતાની સાથે જ એવું લાગતું કે જાણે તેઓ સર્વ દિવ્યગુણોની મૂર્તિ હોય. મમ્મા શિવબાબાએ આપેલ દરેક આજ્ઞાનું સૌ પ્રથમ પાલન કરતાં સદા હાજી કહેતા. નિયમિતતાનો એક ગુણ સાચે જ અનુકરણીય હતો. તેઓએ શરૂથી અંત સુધી નિયમિતપણે જ્ઞાન, શ્રવણ અને યોગાભ્યાસ અનેક પ્રતિકૂળ સંજોગો વચ્ચે પણ કર્યા હતાં. મમ્મા હંમેશા ક્લાસમાં પ્રથમ હરોળમાં જ બેસતા અને ધ્યાનપૂર્વક જ્ઞાનમુરલી સાંભળીને ક્લાસ બાદ તેનું વિસ્તૃતિકરણ કરીને યજ્ઞ વત્સોને સમજાવતાં. તેઓની વાણી સ્વયં એક વીણામાંથી રેલાતા સૂર સમાન હતી. જેમણે તેમને પ્રત્યક્ષ

સાંભળ્યા છે. તેમને માટે તે અનુભવ અવિસ્મરણીય છે. મમ્મા આમ નિત્યપ્રતિ વિવિધ વિષયો પર સુંદર રીતે ઈશ્વરીય જ્ઞાન સમજાવતાં. તેઓ ખરેખર જ્ઞાનની દેવી સરસ્વતી જ હતાં. તેમના સંપર્કમાં આવનાર દરેકને પ્રેમ, નમ્રતા, મધુરતા, શીતળતા, આનંદ વગેરે ગુણોની સુગંધ પ્રાપ્ત થતી. આવા તો અનેક પ્રસંગો વડે માતેશ્વરીજીનું જીવન-સંગીત કૃત થયેલું હતું.

મમ્માના અંતિમ દિવસોમાં તેમની મનોસ્થિતિ અચલ-અડોલ અને સરળ હતી. તેઓને તો કોઈ તૃષ્ણા રહી જ ન હતી. તેઓ તો યોગ દ્વારા સંપૂર્ણતાની મંઝિલ પર પહોંચી ચૂક્યા હતાં. તેઓ સાક્ષી દૃષ્ટા સ્થિતિમાં સ્થિત હતાં. દેહભાનથી ઉપરામ અશરીરી સ્થિતિ દ્વારા તેમણે મૃત્યુ પર પણ વિજય મેળવ્યો હતો. 24 જૂન 1965ના દિવસે ગુરુવાર હતો. દર ગુરુવારે મમ્મા બધા જ યજ્ઞવત્સોને મળતા અને ટોલી વહેંચતા. આ દિવસે પણ બધા યજ્ઞ વત્સો હારબંધ મમ્માના હાથે પ્રેમભરી દૃષ્ટિથી ટોલી લઈ રહ્યા હતાં. તે દિવસોમાં બગીચામાંથી તાજી દ્રાક્ષના ઝુમખા ઉતરેલાં હતાં. મમ્મા બધાને પ્રેમથી યોગ દૃષ્ટિ આપતા દ્રાક્ષ વહેંચી રહ્યા હતાં. મમ્મા એટલી સહજતાથી આ ક્રિયા કરી રહ્યા હતાં કે કદાચ મમ્મા સિવાય કોઈ જ જાણતું ન હતું કે આ મા અને વત્સોનું અંતિમ મિલન છે. ત્યારબાદ થોડા સમય પછી મમ્માએ અનુભવ્યું કે અંતિમ ઘડી આવી પહોંચી છે. બ્રહ્મા બાબાને ખબર કરતાં જ બાબા મમ્મા સમક્ષ આવ્યા અને મમ્માને યોગદૃષ્ટિ દ્વારા અંતિમ વિદાય આપી રહ્યા. ક્ષણ માત્રમાં જ મમ્માએ વિદાય લીધી. મમ્માના મધુર મુખના મધુર અને ગહન જ્ઞાન શબ્દો આજે પણ અમારા કાનમાં ગૂંજે છે. મીઠી મમ્મા સૌના માટે આદર્શમૂર્ત છે. આ યાદગાર દિવસે અમે પ્રાર્થીએ છીએ કે અમારા જીવનમાં ડગલેને પગલે તેમની પ્રેરણા મળતી રહે જે રસ્તે ચાલ્યા તે માર્ગે ચાલવાની શક્તિ અમને મળે અને મંઝિલને પ્રાપ્ત કરીએ.

વર્તમાન સમયે તો પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય એક વિશાળ વટવૃક્ષ સમાન વિશ્વના 140 દેશોમાં તેના 8500 સેવા કેન્દ્રોનો ફેલાવો ધરાવે છે. પણ જેમ વૃક્ષ હંમેશા પ્રત્યક્ષ હોય છે. પરંતુ તેના મૂળીયા ( ફાઉન્ડેશન ) હંમેશાં ગુપ્ત હોય છે. ઘટાદાર વૃક્ષ, તેની છાયા, તેમજ તેના મધુર ફળોનો અનુભવ કેટલો સુખદ હોય છે. પરંતુ આવા અનુભવની સુંદર અનુભૂતિ સાથે એ મૂળ કે જેણે આખાય વૃક્ષને પોષણ પૂરું પાડવાનું ખૂબ મહત્ત્વનું કાર્ય કર્યું છે. તેને કેમ ભૂલી શકાય. તેથી જ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયની કાર્યપ્રણાલીમાં 24 જૂન 'માતેશ્વરીજીના સ્મૃતિ દિવસ' તરીકે ઓળખાય છે કે જે દિવસે તેઓ સ્થૂળ જગત સાથેના બંધનો તોડી પોતાની સંપૂર્ણતાને પ્રાપ્ત કરી.

તો એવાં જ્ઞાન વીણાવાદિની, અતિ સ્નેહી યજ્ઞ માતા માતેશ્વરી જગદંબા સરસ્વતીજીને તેમના સ્મૃતિ દિવસ નિમિત્તે કોટી કોટી શ્રધ્ધા સુમાન અર્પિત હો.

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 09નું અનુસંધાન)... નિશ્ચયબળ**

એમાં ઘણી ભાવના પણ હોવી જોઈએ. એ સદ્ગુરુનો સંપૂર્ણ આદર કરીએ. એમની આજ્ઞાને અમલમાં મૂકીએ. તેઓ કલ્યાણકરનારા સ્વામી છે એમના જેવા કોઈ નથી. શિવબાબા સર્વને સદ્બુદ્ધિ આપે.

**॥ ઓમશાંતિ ॥**

# મહાતપસ્વિની 'ઋષિપુત્રી'
# રાજયોગિની દાદી બ્રિજશાંતાજી!

બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન, આબુરોડ.



સંસ્કૃત શબ્દ 'ઋષિ' નો અર્થ થાય છે 'દ્રષ્ટા' અર્થાત 'જોનાર' જે ઉંડી તપસ્યામાં તલ્લીન થઈને દ્રશ્ય જોવે છે તે 'દ્રષ્ટા' આ ઋષિ ખરેખર દેવો, મનુષ્યો અને દાનવો કરતાં પણ મહાન દિવ્યપુરુષ જ હતા! તેમાં પણ દેવર્ષિ, રાજર્ષિ અને બ્રહ્મર્ષિ આ ત્રણ ઋષિ ગણાય છે. દેવર્ષિઓમાં 'નારદ', રાજર્ષિઓમાં 'રાજા જનક' અને બ્રહ્મર્ષિઓમાં 'વશિષ્ઠ, વિશ્વામિત્ર, યાજ્ઞવલ્ક્ય' પ્રખ્યાત છે. બ્રહ્મર્ષિ એટલે કે બ્રહ્માની જેમ નવસૃષ્ટિની સ્થાપના કરનાર - જે બ્રહ્મામુખ-વંશાવલી બ્રાહ્મણો નવા યુગની સ્થાપનામાં પરમાત્માના સંપૂર્ણ સહકારી બને છે, તેઓ જ સંગમ યુગના બ્રહ્મર્ષિ સિદ્ધ થાય છે. નિરાકાર શિવ રચિત ગીતાજ્ઞાન યજ્ઞમાં સર્વસ્વ સમર્પણ કરનારા બ્રહ્મર્ષિઓની લાંબી માળામાં, યજ્ઞ ઇતિહાસનાં સોનેરી પાનામાંથી ન ભૂંસી શકાય એવું જ એક અજર અમર નામ છે, 'રાજયોગિની દાદી બ્રિજશાંતાજી' શિવપિતાનાં હૃદય-સિંહાસન પર રાજ કરનાર દાદીજી અદભુત વ્યક્તિત્વ ધરાવતા હતા, તેઓ ત્યાગમૂર્ત બની બ્રહ્માવત્સોને પ્રેરણા આપતા રહ્યા. રૂદ્ર યજ્ઞમાં પોતાના પ્રાણ ન્યોછાવર કરનાર દાદીએ યજ્ઞમાં પોતાનું તન-મન-ધન સ્વાહા કરી સમય-શ્વાસ-સંકલ્પોની આહુતિ આપી, રોમ-રોમમાં દિલારામને સમાવનાર મહાન તપસ્વી 'દાદી બ્રિજશાંતાજી' કલ્પવૃક્ષનાં મૂળમાં રહેલા તપસ્વી અષ્ટરત્નોમાં વિરાજમાન થયા.

દાદીજીનો લૌકિક જન્મ અમીરોના શહેર સિંધ હૈદરાબાદમાં સન્ ૧૯૨૩ ના રોજ એક શ્રીમંત પરિવારમાં થયો હતો. માતા લીલાવતી અને પિતા મુલચંદજીએ તેમને નામ આપ્યું 'મોતિલ' જેવું તેમનું નામ હતું તેવાં જ તેઓ સ્નેહ સાગર શિવપિતાની હૃદય-તિજોરીમાં સંગ્રહાયેલ અમૂલ્ય મોતી હતા. તેના ચહેરા પર મોતી જેવી પવિત્રતાની ચમક અને પરમાત્મ ખુશીની ઝલક હંમેશા જોવા મળતી. તેજસ્વી ગોરો વર્ણ (ચામડીનો રંગ), આકર્ષક ચહેરો, રમણીક સ્વભાવ. હંમેશા હર્ષિતમુખી બની દરેકને ખુલ્લા હૃદયથી મળનાર સરળ સ્વભાવી દાદી જાણે આનંદના આકાશમાં ઉડતી પરીકથાની પરીજાદી જ લાગતા હતા. બાળકો જેવા લવચીક સંસ્કારોને કારણે વિષમ પરિસ્થિતિઓમાં વજ્ર જેવી શાંતિ ધારણ કરનાર દાદીને શિવપિતાએ અલૌકિક નામ આપ્યું, 'બ્રિજશાંતા' બ્રહ્માબાબા તેમને પ્રેમથી 'ઋષિપુત્રી' કહેતા, દાદીજીને પણ 'ઋષિપુત્રી' નામનો ખૂબ નારાયણી નશો હતો. બાબા કહેતા, ' તમે ઋષિપુત્રી શિવશક્તિ છો, માટે ચોટલો ન લેતા વાળ તપસ્વી ઋષિઓની જેમ ખુલ્લા જ રાખો.'

વર્ષ ૧૯૩૭માં સિંધ હૈદરાબાદમાં બધે ઓમ મંડળી વિશે બહુ ચર્ચાઓ થતી હતી. 'યશોદા નિવાસ'માં દાદા લેખરાજ ગીતા પર પ્રવચન કરતાં તો માતાઓ-બહેનો સાંભળવા જતા, તેમની સાથે દાદીજીની મોટી બહેન ' હરદેવી દાદી' પણ ઉત્સાહથી જતા અને ઘરે આવીને કહેતાં કે આજ બાબાએ ખૂબ સરસ જ્ઞાન સંભળાવ્યું. આ સાંભળી

દાદીજીના મનમાં જિજ્ઞાસા જાગતી. તે સમયે માત્ર તેર વર્ષના દાદી 'તોલારામ કન્યા શાળા'માં અભ્યાસ કરતા હતા. શાળાના દિવસોમાં દાદી વિદ્યાર્થી જીવન માણી રહ્યા હતા. એ જમાનામાં સાતમા ધોરણમાં જ મેટ્રિકની પરીક્ષા લેવાતી. દાદી અંગ્રેજી પાંચમું ધોરણ પાસ કરીને છઠ્ઠા ધોરણમાં ગયા. શાળામાં રજાઓ હતી. કુતૂહલવશ તેઓ મોટી બહેન સાથે ઓમમંડળીમાં ગયા. ત્યાં જતાં જ બ્રહ્માબાબાએ ખૂબ જ પ્રેમથી કહ્યું, 'આવો બચ્ચી, આવો બચ્ચી'. આટલા પ્રેમથી તો લૌકિક પિતાએ પણ ક્યારેય બોલાવ્યા નહોતા! બાબાએ દાદીને એટલો નિ:સ્વાર્થ પ્રેમ આપ્યો, બાળપણમાં એટલું સુખ આપ્યું, જે ક્યારેય જન્મદાતા પાસેથી પણ મળ્યું ન હતું.

બ્રહ્માબાબાએ ઓમમંડળીમાં જતાં દાદીજીને પૂછ્યું, 'પ્રિય બાળક, તમે કોણ છો અને ક્યાંથી આવ્યા છો? હકીકતમાં તમે એક આત્મા, પરમાત્માનાં સંતાન છો. દીકરી, તમે પરમધામથી આ સૃષ્ટિ રંગમંચ રૂપી સ્ટેજ પર આવ્યા છો. ઓમ અર્થાત આત્મા અને મંડલ એટલે આખું જગત! આ દુનિયા એક નાનકડો ટાપુ છે.' પરમાત્મ જ્ઞાનથી દાદીજીનું બુધ્ધિરૂપી ત્રીજું નેત્ર ખુલી ગયું અને અમીરીનો નશો ઉતરી ગયો. દેહ અભિમાનથી મુક્ત કરવાના હેતુથી જ બાબાએ 'ઓમમંડળી' નામ રાખ્યું હતું. બાબાએ આ અર્થનું એક સુંદર ગીત રચ્યું હતું.

**છડ દેહ અભિમાન, બટ યોગીઓ કા જ્ઞાન,**

**કર ગંગા સ્નાન, બોલો ઓમ ઓમ ઓમ**

ભાવાર્થ - દેહભાન છોડો અને યોગેશ્વર પિતા પાસેથી જ્ઞાન લો. જ્ઞાન અને પ્રભુપ્રેમની પ્રાપ્તિથી દાદીજીની કોલેજનો અભ્યાસ કરી ડીગ્રી મેળવવાની ઝંખના અને મનમાં જે વૈભવી સુખના સપના હતા તે અદૃશ્ય થઈ ગયા. તેઓ દરરોજ ઓમમંડલીમાં જઈને જ્ઞાનામૃત પીવા લાગ્યા.

બ્રહ્માબાબાએ પોતાનું તન-મન-ધન દીકરીઓ અને માતાઓને અર્પણ કર્યું. જગદંબા સરસ્વતી, દીદી મનમોહિની, દાદી પ્રકાશમણિ અને દાદી ચંદ્રમણિજીના નામે દાન પત્ર લખ્યો, તેના પર બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓની સહીઓ લીધી અને કાચના કબાટમાં સજાવીને મૂક્યો. બાબા માતાઓને બહુ સન્માન આપતા હતા, તેઓ કહેતા, 'પત્ની જાય તો પતિ બીજી પત્ની લાવે પણ જો સ્ત્રી વિધવા બને તો તે ૧૨ મહિના સુધી રડ્યા કરે છે.' સિંધમાં વિધવાઓને ૧૨ મહિનાઓ સુધી લાલ વસ્ત્રોમાં વનવાસીની જેમ જમીન પર બેસી રહેવાની પ્રથા હતી. જેના કારણે વિધવા માતાઓ લાલ કપડા પહેરીને આવતી હતી. બાબાએ નિયમ બનાવ્યો હતો કે કોઈએ લાલ કપડાં (દુ:ખની નિશાની) પહેરીને ન આવવું. તેના માટે મેહંદાર નામની માતાને ચોકીદાર બનાવી. દાદીજીનાં કાકી 'ક્વીન મધર' (દીદી મનમોહિનીનાં લૌકિક માતા)ના પતિનું નાની ઉંમરે અવસાન થયું હતું એટલે તેઓ લાલ વસ્ત્ર પહેરતા હતા, પરંતુ સત્સંગમાં જતી વખતે સાથે સફેદ વસ્ત્રો લઈને જતા અને વરંડામાં કપડાં બદલીને સત્સંગમાં બેસતા. 'ક્વીન મધર'ની બ્રહ્માબાબામાં પ્રવિષ્ટ પતિઓના પણ પતિ 'પરમેશ્વર' સાથે મુલાકાત થઈ. બાબાએ તેમનું અભિવાદન કર્યું. બાબા માતાઓને શ્રેષ્ઠ સ્વમાન આપે તેવાં સુંદર ગીતો ગાતા હતા,

**નવલ નવેલી ન્યારી, તુમ અતિ પ્યારી રાજકુમારી. ના તુમ પિંજરે કી મૈના, ફંસી ક્યોં આભૂષણ વ ગહના.**

અર્થ - હે પ્રિય માતાઓ, તમે તો રાજકુમારીઓ છો, ના કે પિંજરાની મેના, તો શા માટે સોના-ચાંદીના લોભમાં ફસાઓ છો?

દાદીજીની ભક્ત મીરાંની જેમ પ્રભુ પ્રેમની લગન જોઈને સગાં-સંબંધીઓને એવી ગેરસમજ થઈ ગઈ કે બાબા તેઓની દીકરીઓને ભગાડીને લઈ જશે. દાદીજીના દાદા પ્રથમ વિરોધી હતા, તેથી તેમણે દાદીને અઢાર (૧૮) તાળાઓમાં બંધ કર્યા. જ્યાં જુઓ ત્યાં તાળાં જ તાળાં, બાથરૂમ, કોલસા ઘર, ઘરની બહાર જવાના જેટલા રસ્તા હતા તે દરેક ગેટ પર તાળાં મારી દીધાં. બહાર નીકળવા માટે એક પણ દરવાજો ખુલ્લો નહોતો. દાદી એકલા જ ભાગી ન જાય તે હેતુથી હંમેશા તેમની સાથે ચોકીદાર રહેતો. એક દિવસ દાદી મોકો જોઈને બહાર આવ્યા. રસ્તામાં ચોકીદારે પૂછ્યું, 'દીકરી, તું ક્યાં જાય છે?' ત્યારે તેઓ પાછા ફર્યા. મુરલી વગર દાદીની હાલત પાણી વગરની માછલી જેવી થાતી હતી, ત્યારે કલાબહેન શાકભાજી વેચનારના વેશમાં આવીને મુરલી પહોંચાડતા. એકવાર કલાબહેનને ઓળખીને પકડી લીધા અને દાદીજીની મુરલી પણ બંધ થઈ ગઈ. જેથી એક દિવસ બારીમાંથી કૂદી જઈ, ટ્રેન દ્વારા દાદી કરાંચી પહોંચ્યા. એ પછી પિતાએ વોરંટ મોકલ્યું. દાદીજીની માતા 'લીલાવતીજી' પણ જ્ઞાનમાં ચાલતા હતાં. પિતાજીએ માતાને કહ્યું કે તે ઓફિસમાંથી એક છોકરાના લગ્નમાં જઈ રહ્યા છે, બે દિવસ પછી આવશે. પરંતુ તેઓ અમીર વ્યક્તિને પોતાની સાથે લઈ કોર્ટ વોરંટ લઈને કરાંચી પહોંચ્યા. દાદીજીને કોર્ટમાં બોલાવીને જજે કહ્યું કે 'આ તમારા પિતા છે, તમને લેવા માટે આવ્યા છે.' દાદીજીની ઉંમર અઢાર વર્ષથી ઓછી માત્ર સોળ વર્ષ હતી. એ કારણે કોર્ટે તેમને પિતાને સોંપ્યા અને દાદી ઘરે આવ્યા. માતાએ પૂછ્યું કે કેવી રીતે આવ્યા, તો દાદીએ બધી આપવીતી સંભળાવી.

દાદીજીનો પરિવાર સંયુક્ત હતો. એક તરફ દાદી, મોટી બહેન હરદેવી દાદી, માતા લીલાવતી, કાકી ક્વીનમઘર, પિતરાઈ બહેન શીલેદ્રા દાદી, આ ફક્ત પાંચ (પાંડવ) આત્માઓ લૌકિક તો બીજી તરફ આખો લૌકિક પરિવાર હતો. ઘરમાં દરરોજ મહાભારતનું દ્રશ્ય જોવા મળતું, છેવટે 'સત્યમેવ જયતે' એ સૂત્ર અનુસાર દાદીજીએ ધર્મયુદ્ધ જીત્યું અને એક વર્ષની અંદર જ ફરીથી યજ્ઞમાં આવીને સમર્પિત થયા. ઋષિપુત્રી બની ૧૪ વર્ષ સુધી તપસ્યાની ભઠ્ઠીમાં તપીને સાચું સોનું-કંચન બન્યા. ૧૯૪૭માં ભારત-પાકિસ્તાનના ભાગલા બાદ પિતા મુંબઈ ગયા. તેમણે વિમાનની ટિકિટ મોકલી સેવાનું આમંત્રણ આપ્યું. ત્યારે બાબાએ દાદીજીને થોડા દિવસો માટે મુંબઈ મોકલ્યા. પરિવારના સભ્યો ભારત આવે તેવી સિંધીઓએ બાબાને વિનંતી કરી. દાદીજીના પિતા ગીતાપાઠી હતા. તેમના બાળકો ગીતા-જ્ઞાન સાંભળવાની લગનથી જઈ રહ્યા છે, એ જાણીને દાદીના પિતા દાદા મુલચંદજીએ કરાચીથી આબુ સુધીની મુસાફરીનો ખર્ચ ઉઠાવ્યો. ત્યારબાદ દાદીજી બાબા મમ્મા સાથે આબુ આવ્યા. એ દરમિયાન પિતાજીએ પુણેમાં બંગલો લીધો અને દાદીજીનાં માતા અને બહેનને સેવા માટે રાખ્યા. બાદમાં બાબાએ દાદીજીને તેમની બીમાર માતાની સંભાળ લેવા પૂણે મોકલ્યા. પુણેમાં લૌકિક અને અલૌકિક વચ્ચે સુંદર સંતુલન સાધી દાદીજીએ બંને પરિવારોની ખૂબ સેવા કરી. પિતાએ સેવા અર્થે લંડન જવાની ટિકિટ આપી, તો પરદેશી-પરભાષી આત્માઓને પ્રભુ પ્રેમનો અનુભવ કરાવ્યો. ૧૯૭૩માં તેમણે ત્રણ મહિના હોંગકોંગમાં રહી સેવા કરી. દાદીજીએ પૂના ક્વાર્ટરગેટ સબઝોનનું સંચાલનમાં સેવાઓનો વિસ્તાર કર્યો.

પૂના ક્વાર્ટરગેટ સબ-ઝોન સંચલિકા પારૂ (પાર્વતી) દીદી દાદીજીની વિશેષતાઓનું વર્ણન આ

રીતે કરે છે, 'દાદીજીનો યજ્ઞ માટે દિલનો પ્રેમ હતો! ભંડારીમાંથી પહેલા મધુબનનો ભાગ કાઢી, બાદમાં સેવાકેન્દ્રની સેવા માટે રાખતા હતાં.' જો કોઈએ યજ્ઞ માટે ધન, સોના-ચાંદીના વાસણો આપ્યાં હોય તો દાદીજી વિલંબ કર્યા વિના મધુબન મોકલી દેતા. ચાર ભાગમાંથી એક ભાગ યજ્ઞમાં સફળ કરવાની પ્રેરણા આપીને તે દરેકને યજ્ઞસ્નેહી બનાવી દેતા. દાદીજી કહેતા કે, 'જો યજ્ઞથી પ્રિત તો 'ભંડારી ભરપૂર અને કાલ-કંટક દૂર' મુરલીના તો દાદી દિવાના હતા. દાદીજી દિવસમાં ચાર વાર મુરલી વાંચતા હતા. તેના પર્સમાં સિંધી મુરલી હંમેશા રહેતી. દાદી બાબા-મમ્મા અને વરિષ્ઠ દાદીઓને પોતે અનુસરીને બીજાને પ્રેરણા આપતાં. રસ્તામાં જતી વખતે દાદીજી કહેતા કે, 'પારૂ, માથે પલ્લુ ઠીક કરો, આખી દુનિયા આપણને જોઈ રહી છે' દાદી નાની નાની બાબતો પણ ખૂબ જ પ્રેમથી શીખવતા હતાં. સેવા માટે જતી વખતે તેઓ બધાથી પહેલા તૈયાર થઈ જતા. વૃધ્ધ હોવા છતાં પણ લોટ બાંધીને રોટલી બનાવી કહેતા, 'જો હું રોટલી બનાવીશ તો બાબાને ભોગ લાગશે ને?' ભોગ બનાવતી વખતે કોઈની નજર ન પડે એટલા માટે દરવાજો બંધ કરી વિધિવત સંપૂર્ણ શુદ્ધતા સાથે ભોગ બનાવતા હતા. દાદીજીને લૌકિક અમીરીનો રિંચક માત્ર અહંકાર નહોતો. તેમણે ક્યારેય બીજાની સેવા નહોતી લીધી. દાદીજી ખૂબ જ નિષ્ઠાવાન, સરળ સ્વભાવના અને મૃદુભાષી તથા દૂરાંદેશી હતા. દાદીજીએ મને ડગલે ને પગલે જીવવાનું શીખવીને મારું અલૌકિક જીવન બનાવ્યું.'

સાક્રી સેવાકેન્દ્રના સંચાલિકા શીલાબહેન દાદીજીના ગુણોનું વર્ણન કરતાં કહે છે, 'દાદી એક મહાન તપસ્વી હતા, તેમની યોગની સ્થિતિ ખૂબ જ અદભુત હતી, યોગાવસ્થામાં તેમની આંખો ચાત્રકની જેમ સ્થિર રહેતી. તેઓ એકીટશે ફક્ત બાબાને જ જોયા કરતા. બેહદનાં વૈરાગી દાદી હંમેશા બેહદમાં રહેતાં. તેમની બુદ્ધિ કશામાં ફસાતી નહિ. લૌકિક માતા અને બહેન સાથે રહેતાં હોવા છતાં પણ જરા પણ લૌકિકતા નહોતી. તેઓ હંમેશા નિંદા-સ્તુતિ, માન-અપમાનમાં સમાન રહેતા હતા. દાદીજી સાદગીનાં સાક્ષાત અવતાર હતા. લૌકિક ઘરમાં ફર્નિચર, પલંગ વગેરે હોવા છતાં દાદી અમારી સાથે જમીન પર પટમાં સૂઈ જતા તો ક્યારેક નીચે પણ બેસી જતા. જેવી પરિસ્થિતિ હોય તે પ્રમાણે એડજસ્ટ કરી લેતા. તેઓ પોતાના હાથે ખુદ બ્રહ્માભોજન બનાવી, પ્રેમથી ખવડાવતા. તેઓ ગુસ્સામાં આવીને ન તો અપશબ્દો બોલતા કે ન તો અતિશયોક્તિપૂર્વક જૂઠું બોલતા. દાદીજીને નશો હતો કે તેમણે યજ્ઞનો એક રૂપિયો પણ પોતાના માટે ખર્ચ્યો ન હતો. તેઓ પોતે પણ હંમેશા હળવા રહેતા અને બીજાને પણ હળવા રાખતાં. વડીલ-વયસ્ક હોવા છતાં પણ મને તેઓ સખી કહેતા. એક વાર હું રિસાઈ ગઈ તો પ્રેમથી સમજાવતા કહ્યું, 'સંગમયુગમાં રિસાવું એટલે કલ્પ-કલ્પમાં ભાગ્યથી રિસાવું.' આ સાંભળીને મારા રિસાવાનાં સંસ્કાર જતા રહ્યા. એક વખત ભોજનમાંથી વધેલું નાંખતી હતી તો દાદી બોલ્યા, 'તું ભાગ્યમાંથી ફેંકી રહી છો, આ તારા ભાગ્યમાંથી કાપવામાં આવશે.'

દાદી બ્રિજશાંતાજી તો જાણે પૂર્વ જન્મોથી જ સંયમી સાધક હોય તેવું લાગે છે, એટલે જ તો બાબાએ તેમને કલ્પવૃક્ષની નીચે તપસ્યારત આઠ રત્નોમાં સ્થાન આપ્યું, જેના માટે દાદીજીને ખૂબ જ શુદ્ધ નશો અને અભિમાન હતું. દાદીજી ઓમ-મંડલીથી આબુ આવવા સુધીના યજ્ઞ-ઈતિહાસનું ભાગવત કથાના રૂપમાં રસપ્રદ વર્ણન કરતા હતા.

**(અનુસંધાન પેજ નં. 07 પર)**

## દિવ્યદર્શન

## ૧૬એ કળા સંપૂર્ણ બનાવનાર

# જગદંબા સરસ્વતી મીઠી મમ્માની ૧૬ વિશેષતાઓ

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.



મીઠા મમ્માએ સર્વ ઈશ્વરીય બાળકોની ખૂબ પ્રેમથી, બાબા તરફ ઈશારો આપતાં-આપતાં પાલના આપી છે. મમ્માનું મન અને ચિત બિલકુલ સાફ હતું. મીઠી મમ્માએ ક્યારેય કોઈ બાળકોમાં અવગુણ જોયા નહિ કે કોઈના અવગુણને પોતાના ચિત ઉપર રાખતા નહી. કોઈના અવગુણ જોઈ, તેને મન ઉપર રાખી તેનું વર્ણન કરવું અને કે પછી કોઈના હૃદયને તોડવા કે ખરાબ કરવા, આવું કામ બહુ જ ખરાબ કહેવાય, જે મમ્માને બિલકુલ પસંદ ન હતું. મમ્માએ બધાં બાળકોની કમી-કમજોરીઓને પોતાની અંદર સમાવી લીધી. તેની કોઈ ભૂલોને ક્યારે તેમણે ફેલાવી નથી. ખરેખર આ જ સાચો સ્નેહ છે.

સદા શીતળ સ્વભાવ અને મીઠા બોલ ઉચ્ચારણ કરનારા જગદંબા માતા સરસ્વતીએ સદા માટે આજ લક્ષ્ય રાખ્યું કે, બધાના દુઃખો ને કેવી રીતે દૂર કરું? કોઈ પણ હાલતમાં, કોઈપણ વાતમાં, મમ્માને ક્યારેય ગુસ્સો તો શું પરંતુ આવેશ પણ નથી આવ્યો. કે મમ્માનો ઉંચો અવાજ ક્યારેય કોઈએ સાંભળ્યો પણ નથી. મમ્મા શાંતિના અવતાર અને પ્રેમની મૂર્તિ હતા.

ગંભીરતાનો ગુણ જે સદગુણોનો ખજાનો છે તેનું પ્રત્યક્ષ સ્વરૂપ મમ્મામાં જોવા મળ્યું. મમતામયી માઁ નહીં, એક સારી માઁ, શિક્ષક, ગુરુ જેવી માઁ, જે સ્વયંના ઉદાહરણો દ્વારા અન્યને શીખવનાર માતા. ગંભીરતાને કારણે મમ્મામાં સમાવવા અને સમેટવાની શક્તિ હતી. સમાવવા અને સમેટવાની શક્તિને કારણે મમ્મા સહનશીલતા સ્વરૂપા બન્યા. સહનશીલતાના ગુણથી સદાય શીતળ અને શાંત રહ્યા હતાં.

બ્રહ્માબાબા જે પણ સંભળાવતા તે મમ્મા ખૂબ જ ધ્યાનથી સાંભળતા અને તે સમયે એક-એક વાતનું પોતે સ્વરૂપ બનતા જતા. એટલા માટે જ મમ્મા સદા અચલ, અડોલ, એકરસ સ્થિતિમાં સ્થિત રહ્યા. મમ્માની સ્થિતિ ક્યારેય ઉપર નીચે જોવા નથી મળી. પુરુષાર્થ પણ કોઈ ખાસ મહેનત વાળો કે કોઈ હાર્ડ પુરુષાર્થ તેમણે કર્યો નથી. મમ્માના ચહેરા ઉપર સદાય પ્યોરિટીની રોયલ્ટી ઝલકતી જોવા મળતી હતી. પ્યોરિટીની પર્સનાલિટીને કારણે જ જગદંબાના સ્વરૂપમાં મમ્માનું ગાયન અને પૂજન આજ સુધી છે.

અટલ નિશ્ચય કોને કહેવાય તે મમ્માની સુરતમાં જોઈ શકાય. ક્યારેય મમ્માએ શ્રીમતમાં પોતાની મનમત મિક્સ કરી નથી. મારો વિચાર આ છે, કે હું આ સમજુ છું, એવું મમ્માએ ક્યારેય કહ્યું નથી. પરંતુ હમેશાં બાબાએ આ કહ્યું છે, બાબાએ આ સમજાવ્યું છે, તેમ કહેતાં. તે પણ કહેવામાં એવો રસ જાણે દરેકને સહજતાથી સમજણ પડી જાય કે બાબાએ ક્યા રહસ્ય માટે આ કહ્યું છે.

મમ્માની ચાલ-ચલન ક્યારેય સાધારણ જોઈ

નથી, કાયમ એકદમ દિવ્ય રોયલ. એટલા માટે જ મમ્મા શિવબાબાની પૌત્રી અને બ્રહ્મા-બાબાની બેટી બનવાને કારણે બધાની મનોકામના પૂર્ણ કરનારી સરસ્વતી દેવી બની ગઈ. મમ્માએ ક્યારેય પોતાના માટે કોઈ ઈચ્છા-કામના રાખી જ નથી. બાબાએ આપેલા ખજાનાઓથી સદા સંપન્ન રહ્યા છે.

મમ્માએ ક્યારેય પોતાનો શો એટલે કે કોઈ બાહ્ય દેખાવ કર્યો નથી, હમેશાં ગુપ્તમાં જ પાલના આપી છે. સારામાં સારી પાકી ધારણા આત્માને કરાવવા માટે મદદ કરી છે. આજે પણ વર્તમાન દિવસોમાં દેશ-વિદેશમાં એવા કેટલાંક બાબાના બાળકો છે કે જેમને અનુભવ થાય છે કે જાણે તેમને સાકાર માતા-પિતાની પાલના મળે છે.

મોટી મમ્મા (બ્રહ્માબાબા) ગોદ સ્વીકાર કરનારી માં છે. ત્યારબાદ  પાલના કરવા માટે આ (સરસ્વતી) મમ્મા છે. મમ્માના ચહેરા ઉપર ક્યારેય એવો કોઈ ભાવ નહતો દેખાતો કે મમ્માને કોઈ બંધન છે.  આપણને સૌને એક જ સેકન્ડમાં બધાંમાંથી મુક્ત કરી શીતળા બનીને ખૂબ મીઠી-મીઠી પાલના આપી છે.

મમ્માને સ્વમાન અને સ્વધર્મમાં રહેવાનો ખૂબ નશો હતો. આપણો એટલે કે આત્માનો સ્વધર્મ શાંત છે, આ બિન્દુમાં મમ્મા જાણે શક્તિ અવતાર બનીને રહ્યા. બાબાએ જે કાંઈ પણ કહ્યું, તો મમ્માએ તે વાતને દિલથી, બુદ્ધિથી સહર્ષ સ્વીકારી લીધી. મમ્મા કાયમ પોતાના સ્વમાનમાં જ રહ્યા, તેમણે ક્યારેય કોઈનું અપમાન કર્યું નથી, તેમને કયારેય કોઈ અપમાનની ફિલિંગ પણ નથી આવી. તેઓ કાયમ જ્ઞાનના મનન ચિંતનમાં રહેવાને કારણે હર્ષિત અને ગંભીરતાના મૂર્તિ બનીને રહ્યા.

મમ્મા બ્રહ્માબાબાની દીકરી છે, પરંતુ સંબંધોમાં એટલી જ નિર્મળતા, સ્વચ્છતા, પવિત્રતાની શક્તિ હતી, કે તે જગદંબા બની ગયા. સાથે-સાથે મમ્માને ભવિષ્યનો હમ સો, સો હમનો નશો પણ એટલો જ પાક્કો હતો. જે તેમની આંખો, ચહેરાના હાવભાવથી નશો દેખાઈ આવતો હતો કે, જાણે સાચે જ સાક્ષાત શ્રી લક્ષ્મી જ છે. ધીરે-ધીરે એ બધા દિવ્ય સંસ્કારો તેમનામાં આવતા ગયા કે - હું કોની છું. મારું ભવિષ્ય શું છે.

મમ્મા હમેશાં એકાંતમાં રહેતા હતા. તે દરરોજ સવારે બે વાગે ઉઠીને બાબાની યાદમાં એકાંતમાં મગન થઈ જતા. આજ પુરુષાર્થ દ્વારા મમ્માના સંપૂર્ણ સ્વરૂપનો ઘણીવાર લોકોને સાક્ષાત્કારમાં દેખાતો હતો.

મમ્મા નંબર વન આજ્ઞાકારી બનીને રહ્યા. એટલા માટે જ મમ્માનું આ સ્લોગન હતું કે, હુકમી હુકમ ચલાવે છે. આજ્ઞાકારી, વફાદાર જોવા હોય તો મમ્માને જુઓ. મમ્માએ બાબાના બધાં ઇશારાઓને સમજીને આપણે સૌ બાળકોને પણ બહુજ સરળ કરી અને સ્પષ્ટ કરીને સંભળાવ્યું અને સમજાવ્યું પણ. મમ્માના મહાવાક્યોમાં એક-એક વાતનું સ્પષ્ટીકરણ છે. બાબાની સાથે કેવી લગન હોવી જોઈએ? એ પણ મમ્માના સુરત-મુરતમાં સ્પષ્ટ દેખાતું હતું.

મમ્માએ ક્યારેય કોઈ પણ કાર્ય માટે ના પાડી નથી. તેમણે ક્યારેય મેં આ કાર્ય કર્યું છે. તેમ નહિ પરંતુ હંમેશા માટે તેમનો ઈશારો બાબાની બાજુ કરતા. હું તો માત્ર તેમની પુત્રી જ છું, તે જ માતા-પિતા છે. આટલા બધાં મમ્મા નિરઅહંકારી હતા. ક્યારેય મમ્માએ નિયમ-કાયદો અર્થાત લો હાથમાં લીધો જ નથી. ક્યારે કોઈ પ્રકારની ઓથોરિટી ચલાવી નથી. પરંતુ હંમેશા તેઓ

**(અનુસંધાન પેજ નં. 30 પર)**

# પરમાત્મ શક્તિની પ્રાપ્તિ શી રીતે?

બ્ર.કુ. ડૉ. કોકિલાબેન, મહાદેવનગર, અમદાવાદ.

## પરમશક્તિનું આવાહન

સંધ્યાનો મનભાવન સમય છે. આપણે સૌ આત્માઓ પરમશક્તિનું આવાહન કરવાના શ્રેષ્ઠ લક્ષ્યથી એકત્ર થયાં છીએ. પવિત્ર દેવાત્માઓ આકાશમાં આ સમયે વિહરી રહ્યાં છે. આવો, આપણે આપણા હૃદયને પાવન બનાવીએ, સાત્વિક બનાવીએ, મન-બુદ્ધિની એકાગ્રતાથી પરમાત્મ શક્તિનું આવાહન કરીએ. પરંપરાની સ્મૃતિ અપાવતો ઋષિમંત્ર મહામંત્ર ઓમશાંતિનું ત્રણવાર ભાવવિભોર થઈને ઉચ્ચારણ કરીએ. (સમગ્ર સભામાં ઓમ શાંતિ ... ઓમ શાંતિ... ઓમ શાંતિ...નો મધુર નાદ ગુંજી રહ્યો.)

## સમયની ઓળખ

આવો, સમયને ઓળખી લઈએ. ચારે તરફ ભૌતિક સુખ-સગવડ અને ભોગ વિલાસ તરફ માનવો ખેંચાઈ રહ્યાં છે. સાથે સાથે ભક્તિનો જુવાળ પણ જમાનાના રંગે રંગાઈને ધૂમ મચાવી રહ્યો છે. આ સામે આધ્યાત્મિક જાગૃતિનો ગુંજારવ પણ મંદ મંદ વહી રહ્યો છે. પરમાત્મ-શક્તિઓનું સહજભાવે સંચરણ કરવાનો શુભ આશય છે. મંગળકામના છે. કારણ, સુખ-સગવડના સરંજામ અને ભોગ-વિલાસના ભભકાથી માનવીનું હૃદય શુષ્ક બની ગયું છે. અંતરાલમાં માત્ર ખાલીપો છે. દુઃખ, અશાંતિ, ચિંતા અને ભય, અસલામતીનો ભાર સમગ્ર વિશ્વને ભરડો થઈ રહ્યો છે.

## માનવોની દિવ્યતાનું પતન

વૈજ્ઞાનિકોએ માનવ જાતના ચરણોમાં સુખ-સુવિધાના સાધનોની શોધ (ઈન્વેન્શન)માં જીવન-યાત્રા પૂરી કરી. આરામ અને વૈભવના અતિરેકથી માનવીની ગોદ ભરાઈ નહિ. હૃદય અને સ્નેહ શૂન્ય-ભાવ વિહિન, સ્વાર્થાંધ-મોહાંધ, કામાંધ, ક્રોધ અને અહંકારથી આસુરી બની ગયું. દેવત્વના ઉચ્ચ શિખરેથી દાનવત્વની (અજ્ઞાન-અંધકારની) ઊંડી ખાઈમાં માનવજાતનું પતન થયું. ચારે તરફ શું નિહાળીએ છીએ? રોગ-ભોગ બળાત્કાર, શોષણ, આતંક, વ્યથા-વેદના, ભય-અશાંતિ, ઉપરાંત પારાવાર સમસ્યાઓ અને સંઘર્ષો. તૃષ્ણા બેફામ બની, અસંતોષનો અગ્નિ ભભૂક્યો- વિજ્ઞાને આંતરિક સુખ-શાંતિ અને પરિતૃપ્તિની શોધ ના કરી. મહાલયો છે પણ અનિદ્રા છે, છપ્પન પ્રકારનાં ભોજન છે - પણ ભૂખ નથી, ડાયાબીટીસ છે, દેહના સંબંધો છે પણ સ્વાર્થી અને ભાવશૂન્ય છે. આવું શાથી? કેમ બન્યું આમ..?

ભલાં માણસો દિલની વેદના ઠાલવે છે, દુનિયા પહેલાં જેવી નથી રહી. બગડી ગઈ છે. દુનિયા એટલે કોણ ધરતી, આકાશ-પશુ-પંખી બગડી ગયાં? માણસ બગડી ગયો છે. માણસાઈ વહી ગઈ છે. ચારિત્ર્યના રક્તકણો નાશ પામ્યા છે. માનવીના ચહેરા પર સાચી ખુશી, સાચું સ્મિત નથી ચમકતું - જે નાના શિશુના ચહેરા પર સહજ મળી જાય છે. ચારિત્ર્ય ગયું તો સર્વસ્વ ગયું. એ ઉક્તિ યથાર્થ લાગે છે ને?

## રાત્રી પછી સૂર્યોદય

સાત્વિકતાનો, ચારિત્ર્યનો, માનવીની દિવ્યતાનો સૂર્યાસ્ત થઈ ચૂક્યો છે. કળિયુગી પામરતાનો, અજ્ઞાનતાનો, આસુરી તત્વનો અંધકાર ચારેકોર વ્યાપી ચૂક્યો છે. પ્રત્યેક

સૂર્યાસ્ત, થનાર સૂર્યોદયને સૂચવે છે અને અંધકાર, આવનાર પ્રકાશનો ખ્યાલ આપે છે. જેમ શરીરમાં રક્તકણો ખૂટી પડ્યાં હોય તો શરીર ફિક્કું, મન ઉદાસ-નિરાશ અને જીવન ચેતનાવિહિન (ઉમંગ-ઉત્સાહ વિહિન) બની જાય, તેમ સાત્વિકતા, દિવ્યતા યા ચારિત્ર્યના રક્તકણો ખૂટી પડવાથી સમગ્ર વિશ્વની પડતીનાં ચિહ્નો અનુભવાય છે. કળિયુગની અંધકારભરી રાત્રી પાછળ સતયુગી-સ્વર્ણયુગી વિશ્વનો ઉદય, એ ભારતનું નિશ્ચિત ભાવિ છે.

## અધર્મના ચિન્હો

શ્રીમદ્ ભગવદ્-ગીતામાં ભગવાને વચન આપ્યાં તે અનુસાર વર્તમાન સમય ધર્મની અતિગ્લાનિનો ચાલી રહ્યો છે. સતધર્મની સ્થાપના અને અધર્મનો વિનાશ કરવાના દિવ્યકર્તવ્ય માટે સર્વ આત્માઓના એક પરમપિતા પરમાત્મા અવતરણ કરી ચૂક્યા છે. જુઓ, આ શ્લોક ભગવાન ઉવાચ છે...

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत
अभ्यत्थानमधर्मस्य तदात्मानम् सृजाम्यहम्

અધર્મના ચિન્હો મહાભારત ગ્રંથમાં વર્ણવ્યાં છે, તે પ્રત્યક્ષ છે.

કન્યા વર માંગશે, કુંવારિકા મા બનશે. નદીઓ બેફામ બની વહેણ બદલશે. અનાજ પડીકે બંધાશે, ચાર કુવાનું પાણી એક કુવામાં સમાશે, પણ એક કુવાનું પાણી (મા-બાપ) ચાર કુવા (ચાર દીકરા)માં સમાશે નહિ.

સમજવું પડે, માનવું પડે, સ્વીકારવું પડે કે આ કળિયુગનો અંતિમ સમય આદિ સમય સતયુગની પ્રતીક્ષા કરે છે. સતયુગી સૃષ્ટિના આગમન પૂર્વેના પ્રસવકાળની વેદના વિશ્વ ભોગવી રહ્યું છે.

## ચક્રીય પરિવર્તનનો સિદ્ધાંત

પ્રકૃતિ, સૃષ્ટિ અને બ્રહ્માંડનો અટલ નિયમ છે. જેમ રાત્રીના અંધકાર પછી સૂર્યોદય નિશ્ચિત છે. રાત્રિ અને દિવસનું ચક્ર, ઋતુ ચક્ર, વર્ષોનું ચક્ર, બીજમાંથી વૃક્ષ અને વૃક્ષમાંથી ફરી બીજનું ચક્ર, જન્મ અને મૃત્યુ પછી પુનર્જન્મનું ચક્ર, એવી રીતે યુગોનું ચક્ર પણ નિરંતર ચાલ્યા જ કરે છે. વળી ઈલેક્ટ્રોન અને પ્રોટોનનું ચક્ર નિરંતર છે. સમગ્ર બ્રહ્માંડમાં ઉપગ્રહો, ગ્રહો અને નક્ષત્રોનું ચક્ર, ચંદ્ર પૃથ્વીની પ્રદક્ષિણા કરે છે, પૃથ્વી સૂર્યની અને સૂર્ય તેના ગ્રહમંડળ સમેત બ્રહ્માંડમાં ચક્રાકારે ઘુમે છે. તેથી સમગ્ર સૃષ્ટિ બ્રહ્માંડ તથા ઈશ્વર માટે વેદોમાં ઋષિઓ 'અનાદિ-અનંત' કહી મૌન રહી ગયા.

## દિવ્ય સંદેશ

આતુરતાપૂર્વક જેઓનું સૌ આવાહ્ન કરે છે, જેને પ્રાપ્ત કરવા, ભક્તિ પૂજા-પાઠ, સાધના આરાધના-ધ્યાન વગેરે કરતાં રહ્યાં, એ સર્વ આત્માઓના પિતા પરમાત્મા વિશ્વ પરિવર્તન કાજે, વર્તમાન સમયે ગુપ્ત અવતરણ કરી ચૂક્યા છે. ભગવદ્ગીતામાં આપેલ વચન અનુસાર, સૃષ્ટિના સર્જન, પાલન અને સંહારના કર્તા, પરમાત્મા કળિયુગી સૃષ્ટિના અંતિમ સમયે અને સતયુગી સૃષ્ટિના નિર્માણ માટે ગુપ્ત અવતરણ કરીને જનજનને સંદેશ આપી રહ્યા છે.

## અમરભૂમિ ભારત

નિદ્રામાંથી ઊઠો, સ્વયંને ઓળખો. આ શરીર અને શરીરની સર્વ કર્મેન્દ્રિયોના તમે માલિક, તમે આત્મા જ્યોતિર્બિંદુ - સિતારા સમાન છો. સર્વ આત્માઓના પિતા નિરાકાર શિવ-મુજ પરમાત્માને ઓળખી નજદીક ભવિષ્યમાં આવનાર સતયુગી સ્વર્ણિમ દુનિયામાં આપ સૌ દેવી-દેવતા

પદ પ્રાપ્ત કરો. એ માટે દેહભાન ભૂલી, મન-બુદ્ધિનો તાર એક મારી સાથે જોડો. કર્મબંધનોથી મુક્ત બની કર્મયોગી બનો. પરમાત્માના સાચા વારસ બનવા જીવનને આધ્યાત્મિક માર્ગે પ્રસ્થાન કરાવો. પવિત્ર બનો - રાજયોગી બનો. કળીયુગી સૃષ્ટિના વિનાશનો, આ અંતિમ સમય ચાલી રહ્યો છે. યુગ પરિવર્તનના આ અમૂલ્ય સમયનું મહત્વ સમજી પરમાત્માની દિવ્ય શક્તિઓ અને વરદાનોના અધિકારી બનો. જીવનને સાર્થક પ્રભુમય બનાવો. સર્વધર્મના આત્માઓના એક જ પિતા પરમાત્મા જેઓને આપણે સુપ્રિમ ગોડફાધર, અલ્લાહ, પ્રભુ, ઈશ્વર, વાહેગુરુ વગેરે અનેક નામોથી પોકાર્યા. તેઓ દુઃખી આર્તજનોનો પોકાર સાંભળી કરુણાના સાગર, સુખ શાંતિ અને પ્રેમના સાગર, શક્તિ અને ગુણોના ભંડાર, જ્ઞાનસૂર્ય એવા શિવ પરમાત્મા વિશ્વ પરિવર્તનનો માર્ગ ચીંધી રહ્યા છે. દેવ-દેવીઓ યા શિવ-શક્તિઓના પણ તેઓ જન્મદાતા છે. કુરાનમાં કહ્યું છે, 'અલ્લાહ એક જ છે અને મહાન છે.' તેઓ રહેમદિલ છે. જન્નત, હેવન યા સતયુગી સ્વર્ગના સર્જનહાર છે. તેમની સાથે સંબંધ શી રીતે જોડવો? દિવ્ય શક્તિઓની પ્રાપ્તિ શી રીતે કરવી? તેનો અભ્યાસ આપણે સૌ થોડી ક્ષણો માટે કરીએ.છે.

## પ્રભુ મિલની વિધિ

1. બુદ્ધિની લાઇન ક્લીયર રાખીશું. જેમ તૂટેલો વાયર હોય તો વિદ્યુત પ્રકાશ પ્રાપ્ત થાય નહીં, મન બુદ્ધિનો તાર એકાગ્ર ન હોય તો પરમાત્માની શક્તિનો પ્રકાશ (કરંટ) પ્રાપ્ત થઈ શકે નહિ. માટે ઈન્સ્ટ્રુમેન્ટ પરફેક્ટ રાખીએ તો જ ચાર્જ થશે.

2. પરમાત્મ-શક્તિ સાથે કનેક્શન માટે શરીરને ભૂલવું પડશે. શરીરના સંબંધોને પણ ભૂલવા પડશે. કારણ અંદરની ચૈતન્ય શક્તિનું કનેક્શન, સંપૂર્ણ (લાઈન ક્લીયર)થી જ પરમાત્મ-શક્તિ સાથે થઈ શકે છે.

3. સ્વયંને ભૃકુટિ મધ્યે સૂક્ષ્મ સ્વરૂપે જ્યોતિર્બિંદુ સ્વરૂપ આત્મા-દિવ્ય સિતારો સમજો અને મનમાં ઊઠતા સર્વ સંકલ્પોને વિરામ આપો. ધીરે-ધીરે શાંતિની શક્તિનું આવાહન આ સંકલ્પો દ્વારા કરીએ.

'હું એક શુદ્ધ... પવિત્ર... શાંત સ્વરૂપ... આત્મા છું. આસમાનમાં ચમકતા સિતારા સમાન.. હું સૂક્ષ્મ જ્યોતિર્બિંદુ સ્વરૂપ... ભ્રૂકુટિ મધ્યે બિરાજમાન છું... આ સૃષ્ટિરૂપી રંગમંચ પર હું આત્મા પાર્ટધારી... મુસાફર છું. સૃષ્ટિરૂપી નાટકનો અંતિમ સમય ચાલી રહ્યો છે. થોડા સમયમાં નાટક પૂરું થશે. ધરતી પરના સર્વના આત્માઓ પરમધામ, શાંતિધામ.. જે આત્માઓનું પોતાનું અસલ નિવાસસ્થાન છે... જે સૂર્ય, ચાંદ, સિતારાની પેલે પાર... દૂર દૂર... પાંચ તત્વોની પાર રહેલું છે. ત્યાં જવાનું છે. નજદીક ભવિષ્યમાં સૃષ્ટિરૂપી નાટક પૂરું થશે... ભયાનક મહાવિનાશ બાદ, આ ધરતીપર સતયુગી, પાવન દેવી-દેવતાઓની સૃષ્ટિનું નિર્માણ થશે... ત્યારે સતયુગી દિવ્ય આત્મસ્વરૂપે હું પણ શ્રી લક્ષ્મી અને શ્રી નારાયણની રાજધાનીમાં જન્મ લઈને 21 જન્મ પર્યંત, સુખ-શાંતિ-પ્રેમ-આનંદ અને પવિત્રતા સભર પાર્ટ બજાવીશ.'

આત્મિક સ્વરૂપે, અશરીરી, ઉપરામ સ્થિતિને ધારણ કરી, પરમપિતા પરમાત્મા સાથે માતા-પિતા, બંધુ-સખા, સાજન યા સતગુરુ વગેરે સંબંધોની સ્મૃતિમાં રહી એકરસ તલ્લીન અને લવલીન સ્થિતિમાં મગ્ન બની જાઓ...

ઉપરનાં સંકલ્પોને શાંત સ્વરૂપે મનોમન ફરી ફરી વાગોળો. પરમપિતાની સ્મૃતિમાં દેહ અને

**(અનુસંધાન પેજ નં. 13 પર)**

# પ્રસંગ પરિમલ

## ત્રણ ઉત્તર

કોઈ ગામમાં એક સંત નાની ઝૂંપડીમાં પરિવારની સાથે રહેતા હતા. સંતની સાદગી અને શીખવા જેવી વાતોની ખ્યાતિ દૂર દૂર સુધી ફેલાયેલી હતી. એટલે રોજ કોઈને કોઈ માનવ એમની ઝૂંપડીમાં જતા. પરંતુ તે વખતે સંત ઝૂંપડીમાં હાજર નહોતા. તેથી મણિરામની સંતના પુત્ર સાથે મુલાકાત થઈ. બંને વચ્ચે વાર્તાલાપ શરૂ થયો તો મણિરામે સંતના પુત્રને કહ્યું, તમારા પિતાએ એવી કોઈ વાત શીખવાડી ચે જે અમે જાણતા નથી. સંતના પુત્રે કહ્યું ના. પરંતુ એકવાર હું એકલો હતો તો એમણે મને પૂછ્યું કે તું કવિતા વાંચે છે યા નહીં? મેં ના કહ્યું તો તેઓ બોલ્યા કે તારે કવિતા વાંચવી જોઈએ કારણ કે તે આપણા આત્માને દિવ્ય પ્રેરણા આપવામાં મદદગાર બને છે. એ રીતે એકવાર એમણે મને દેવતાઓનું ધ્યાન કરવા બાબત પૂછ્યું. હું ધ્યાનના મહત્ત્વને જાણતો નહોતો. તો એમણે કહ્યું કે આપણે રોજ થોડી મિનિટો દેવતાઓનું ધ્યાન કરવું જોઈએ. તેથી ધ્યાનમાં મનને એકાગ્ર કરીને સ્વયંને પણ પ્રેરણા આપી શકીએ. એ પછી એ જાણવા માટે કદી મારા ઉપર નજર રાખી નથી કે હું એમની આજ્ઞાઓનું પાલન કરું છું યા નહીં.

સંતપુત્રની વાત સાંભળીને મણિરામે મનમાં જ કહ્યું કે મેં તો એક સવાલ કર્યો હતો પણ મને તો ત્રણ જવાબ મળી ગયા. અને એ પણ શીખ્યો કે ઈમાનદાર વ્યક્તિ બીજાઓની ઈમાનદારીની પરીક્ષા કરતો નથી પણ એના ઉપર પૂરો વિશ્વાસ રાખે છે. મણિરામે સંતપુત્રને કહ્યું હું જે હેતુથી આવ્યો હતો તે પૂરો થઈ ગયો છે. હવે હું જાઉં છું.

## અંતઃજ્ઞાનની શોધ

સમાધાન માટે પણ સમજણની જરૂર છે જે દરેક ઘટના પ્રત્યે, દરેક વ્યક્તિ પ્રત્યે, દરેક સ્થિતિ પ્રત્યે જાગૃત છે તે સમાધિની દિશામાં જઈ શકે છે. જે સમાધિમાં નથી જતો તે વિશિષ્ટ પ્રાપ્તિ મેળવી શકતો નથી. સમાધિમાં જનાર વ્યક્તિ બહારની વસ્તુઓ પ્રત્યે આસક્ત હોતો નથી. તે બહારની વસ્તુઓની સ્મૃતિનો ભાર પણ વહન કરતો નથી. આઈન્સ્ટાઈન વીસમી સદીના મહાન વૈજ્ઞાનિક હતા. તેઓ રેલવેમાં મુસાફરી કરી રહ્યા હતા. ટિકિટ ચેકર આવ્યો. એણે ટિકિટ જોવાનું શરૂ કર્યું. આઈન્સ્ટાઈનને ઘણું શોધવા છતાં ટિકિટ ના મળી. ટિકિટ ચેકરે કહ્યું માન્યવર! મને ખબર છે કે આપ મહાન વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈન છો અને ટિકિટ વગર તો આપ પ્રવાસ કરો નહીં. એટલે આપને ટિકિટ શોધવાની જરૂર નથી.

આઈન્સ્ટાઈન બોલ્યા, ભાઈ! હું તમારા માટે નહીં પણ મારા માટે ટિકિટ શોધી રહ્યો છું. ટિકિટ નહીં મળે તો મને એ ખબર નહીં પડે, કે મારે ક્યાં ઊતરવાનું છે. એટલે હું ટિકિટ શોધી રહ્યો છું.

આનો અર્થ એ છે કે જે વ્યક્તિની અંતઃદૃષ્ટિ સત્યની શોધમાં લાગી જાય છે એની સ્મૃતિમાં બહારની વાતો વધુ યાદ રહેતી નથી. એના પ્રત્યે એમનું કોઈ આકર્ષણ હોતું નથી. અને એની સ્મૃતિ પણ વધારે રહેતી નથી.

॥ ઓમશાંતિ ॥

- **જેવી રીતે નિરંકુશ ઘોડો પોતાના સવારને માટે સંકટ, જોખમ ઊભું કરે છે, તેવી જ રીતે નિરંકુશ મન મનુષ્યને તીવ્ર ગતિથી દુઃખના સંકટમય માર્ગે મૃત્યુની ખાઈમાં લઈ જાય છે.**

# ભૂલ

## બ્ર.કુ. હેમનાબેન, ખોરજ

આપણા પ્યારા મીઠા, બાબા પોતાના બાળકોને પતિતમાંથી પાવન બનાવી, દેવી-દેવતા બનાવવા પ્રયત્નશીલ છે જ અને એ માટે, સમય-પ્રતિ-સમય, જુદી જુદી પુરુષાર્થની કેડી કંડારતા જ રહે છે. બાબાનું આટલું બધું ગહન સાથ સાથ સહ જ્ઞાન મેળવ્યા છતાં આપણે કેટલીક ભૂલો કરતા જ રહીએ છીએ. અને એ બાબત બાબા વિધવિધ મુરલીઓ દ્વારા ઈશારો આપ્યા જ કરે છે. તા. 18-04-2010ની મુરલીમાં તો બાબાએ 'ભૂલોનું લીસ્ટ' બનાવવા અને એ દ્વારા ભૂલો સુધારવા સ્પષ્ટ આદેશ આપેલ છે તે મુજબ ભૂલોનું લીસ્ટ બનાવવા નમ્ર પ્રયાસ કરેલ છે.

● બાબાના જ્ઞાનનો પહેલો પાઠ, પોતાને 'આત્મા' સમજો. તે છતાં આત્માને બદલે પોતાને શરીર સમજવાની મોટામાં મોટી ભૂલ. ● બાબાની યાદ વિસરી જવાની ભૂલ. ● સ્વમાનમાં રહેવાને બદલે, માન, શાન, અભિમાનમાં રાચવાની ભૂલ. ● આત્માનો સ્વધર્મ છે, 'શાંતસ્વરૂપ' ત્યારે શાંતિ મેળવવા અંતરાત્માને ઢંઢોળવાને બદલે, શાંતિ, બાહ્ય ચીજોમાંથી મેળવવા ફાંફા મારવાની ભૂલ.

● આત્માનો સ્વધર્મ છે. 'પ્રેમસ્વરૂપ'. પ્રેમ સ્વરૂપ રહેવાને બદલે દ્વેષ ઈર્ષ્યા, વેરભાવના ઈત્યાદિમાં અટવાવાની ભૂલ. ● ફક્ત 84 જન્મોને બદલે 84 લાખ જન્મો માનવાની ભૂલ. ● કલ્પનું આયુષ્ય ફક્ત 5000 વર્ષને બદલે લાખો કરોડો માનવાની ભૂલ. ● કલિયુગના 1250 વર્ષને બદલે 4,38,000 વર્ષ માનવાની ભૂલ. ● સંગમયુગના યથાર્થ ગીતાજ્ઞાનદાતા 'શિવ'ને બદલે શ્રીકૃષ્ણને માનવાની ભૂલ.

● પરમાત્માને 'સર્વ વ્યાપી' માનવાની ભૂલ. ● પોતાના આત્માના અસલી ઘર - પરમધામ શાંતિધામને ભૂલી, આ સંસારરૂપી મુસાફરખાનાને 'ઘર' માનવાની ભૂલ. ● રાજયોગ-મનસા - યોગને બદલે શારીરિક ક્રિયાઓને જ યોગ માનવાની ભૂલ. ● સ્વતંત્રતાને સ્વચ્છંદતા માનવાની ભૂલ. ● ઈશ્વરીય સાચો પરિવાર કરતાં લૌકિક પરિવારને જ મહત્ત્વ આપવાની ભૂલ.

● એક્યુરેટ ડ્રામાના રહસ્યને ન સમજવાની ભૂલ. ● પરમાત્મા-પારલૌકિક બાપને દુઃખહર્તા - સુખહર્તા માનવા છતાં સુખ-દુઃખ ભગવાન જ આપે છે એમ માનવાની ભૂલ. ● સ્વયંને જાગતી જ્યોત બનાવવાને બદલે મંદિરોમાં જઈ ભગવાનને જગાડવા ઘંટ વગાડવાની ભૂલ. ● બાબા દ્વારા મળતાં 21 જન્મો માટેના અવિનાશી ખજાનાને ભૂલવાની ભૂલ.

● બાબા દ્વારા આપેલ આધ્યાત્મિક અલૌકિક ગુણો, કર્તવ્યોના અલૌકિક દિવ્ય આભૂષણોથી પોતાને શ્રૃંગારિત કરવાને બદલે, લૌકિક વિનાશી, કૃત્રિમ ચમકદમકવાળા લાલી લિપસ્ટીક સોના ચાંદીના ઘરેણાંથી શરીરને લાદવાની ભૂલ. ● બાબા દ્વારા મળેલાં સતયુગી ઉચ્ચપદ દેવી-દેવતાને બદલે લૌકિક પાઈ-પૈસાના 'પદ'ને મહત્ત્વ આપવાની ભૂલ. ● સ્વયંની ઈન્દ્રિયો પર રાજ કરવાને બદલે લૌકિક દુન્યવી ચીજો પર રાજની ચાહના રાખવાની ભૂલ.

● શ્રીમદ્ ભગવદ્ ગીતામાં સ્વયં ભગવાને પોતાનો સ્પષ્ટ અને સત્ય પરિચય આપ્યો છે, કે પોતે નિરાકાર અજન્મા ઈત્યાદિ છે, છતાં શરીર

ધારીઓને 'ભગવાન' માનવાની ભૂલ.

● સ્વધર્મને ભૂલી પરધર્મમાં રાચવાની ભૂલ. ● ધારણામૂર્ત બનવાને બદલે પોતાને પુરુષાર્થી માની નાની મોટી ભૂલો તો થયા જ કરે એમ માનવાની ભૂલ. ● કહીએ છીએ 'સબકા માલિક એક' પરંતુ વાસ્તવમાં એકને બદલે અનેક ભગવાનને માનવાની ભૂલ. ● ગીતામાં સ્વયં ભગવાને - 'ભગવાન અને દેવી-દેવતા વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરેલ છે છતાં દેવી-દેવતાઓને પણ ભગવાન માનવાની ભૂલ.

● દેવી-દેવતાઓને તો ઠીક પરંતુ તેમના પરમ ભક્તો જેવા કે હનુમાનને પણ ભગવાન માનવાની ભૂલ. ● શ્રીકૃષ્ણ, શ્રી રામ પતિત પાવન સીતારામને સાચા પતિત પાવન માનવાની ભૂલ. ● શ્રી કૃષ્ણ, શ્રી રામ તો ઠીક પરંતુ પાણીની નદી ગંગાને પણ પતિત પાવન માનવાની ભૂલ.

● બ્રહ્મા દેવતાય નમઃ, વિષ્ણુ દેવતાય નમઃ, શંકર દેવતાય નમઃ જ્યારે શિવ પરમાત્માય નમઃ ગાઈયે તો છીએ પરંતુ બ્રહ્મા, વિષ્ણુ, શંકર બધાને જ ભગવાન માનવાની ભૂલ. ● ભગવાનનો વરદાની હાથ, છત્રછાયાના રૂપમાં, આપણા માથા પર સદા રહે છે પરંતુ આપણે એ વરદાની છત્રછાયા નીચે ન આવવાની ભૂલ. ● ફક્ત એક ભગવાન 'શિવ' સાથે અતૂટ સંબંધ જોડી ફરિસ્તા બનવાને બદલે દુન્યવી મનુષ્યો સાથે ભાઈબંધી કરી નવા નવા સંબંધો જોડવાની ભૂલ.

● ભગવાનને સુખકર્તા - દુઃખકર્તા માનીએ છીએ. પરંતુ જ્યારે સુખ મળે ત્યારે 'સુખમાં સાંભળે સોની' ત્યારે ભગવાનને ભૂલી જઈએ છીએ અને દુઃખમાં દોષનો ટોપલો ભગવાન પર ઢોળવાની ભૂલ. ● હિન્દુ મંદિરોમાં 'સનાતન ધર્મની જય' બોલાવે છે. નહિં કે હિન્દુ ધર્મની. જે નિર્દેશ કરે છે કે આપણો અસલી ધર્મ 'આદિ સનાતન દેવી-દેવતા ધર્મ' છે. છતાં પોતાને હિન્દુ ધર્મ માનવાની ભૂલ.

● નવપરિણીત યુગલમાંનો વર (પુરુષ) મંદિરોમાં જઈ ગાય છે 'તુમ માત-પિતા હમ બાલક તેરે', નવવધૂ પણ આ જ રીતે સ્તુતિ કરે છે આ હિસાબે તો 'ભાઈબહેન' થયા આત્મિક દૃષ્ટિએ ભાઈ-બહેન કહેવાય છતાં પોતાને વરવધૂ માનવાની ભૂલ. ● ભગવાનની મરજી વગર પાંદડું પણ હાલતું નથી. બધું ભગવાન જ કરાવે છે. આમ ગેરસમજમાં ભગવાનને જ દોષી માનવાની ભૂલ.

● પાઈ-પૈસા, માન-શાન, પ્રતિષ્ઠા કમાવવા માટે ગમે ત્યાંથી સમય કાઢીએ છીએ, જ્યારે ભગવાન પોતે આ સૃષ્ટિ પર આવી મનુષ્યને દેવી-દેવતા બનાવે છે તેવું જ્ઞાન સાંભળવા માટે કહીએ છીએ 'ફુરસદ નથી' ભગવાનના જ્ઞાન-યોગ કરતાં, દુન્યવી બાબતોને પ્રાધાન્ય આપવાની ભૂલ. ● બાબાની અમીદૃષ્ટિ તો પોતાના બાળકો પર હોય જ પરંતુ બાળકો એ જ બાબા સાથે દૃષ્ટિ મેળવવામાં પાછા પડવાની ભૂલ. ● બાબાએ આપણને કેટલી બધી સમર્થી આપી છે, છતાં વ્યર્થમાં સમય બરબાદ કરવાની ભૂલ.

● પરિસ્થિતિ પ્રમાણે આપણી સ્થિતિ સેટ ન કરી શકવાની ભૂલ - પરિણામે અપસેટ થઈએ છીએ. ● બાબાની યાદમાં રહેવાથી પાપ નષ્ટ થાય છે. બાબાના બનવાથી સતયુગમાં જવાનો પાસપોર્ટ મળે છે. જ્યારે જ્ઞાન, યોગ, ધારણા અને સેવામાં મશગુલ બનવાથી સતયુગી ઉચ્ચ પદ મળે છે, છતાં બાબાની યાદ ભૂલ જવાની ભૂલ. ● અમૃતવેળાએ બાબા વરદાનોથી આપણી ઝોળી ભરે છે તે જાણવા છતાં કેટલીકવાર અમૃતવેળે ન ઊઠવાની કે ઊઠી, ઝોકા કે બગાસા ખાવાની ભૂલ.

● આટલા વર્ષોની બાબાની પાલના બાદ પણ આપણી દિનચર્યા સેટ ન કરી શકવાની ભૂલ. ● રૂહાની નશામાં ઈશ્વરીય મૌલાઈ મસ્તીમાં રહેવાને બદલે, જીસ્માની નશામાં રહેવાની ભૂલ. ● મનને ઈશ્વરીય કાર્યમાં બીઝી ન રાખવાની ભૂલ. ● બાબાની આજ્ઞા પર સદા નહિ ચાલવાની ભૂલ. ● બાબાની ગેરંટી છતાં, આપણી ચિંતાઓ, બાબાને સોંપી ચિંતા મુક્ત ન બનવાની ભૂલ.

● શ્રીમતમાં મનમત મેળવવાની ભૂલ. ● કર્મનો સિદ્ધાંત કરેગા સો પાયેગા, જેવું વાવો તેવું લણો. જાણવા છતાં વિકર્મો કર્યા કરવાની ભૂલ. ● સાધન વગર સાધના ન થઈ શકે. કે મઝા ન આવે એમ માનવાની ભૂલ. ● બાબાએ આપણને આટલા મહાન બનાવ્યા સ્વર્ગની સ્થાપનાના ભાગીદાર પણ બનાવ્યા છતાં પોતાને પદ્માપદ્મ ભાગ્યશાળી ન માનવાની ભૂલ. ● બાબાને પોતાના પરમ ઉદ્ધારક તારણહાર માનવા છતાં તેના પર તન, મન, ધનથી સંપૂર્ણ સમર્પિત ન થવાની ભૂલ.

● બાબા પાસેથી અખૂટ ખજાનો મળ્યો છે તેનું રિટર્ન કેવી રીતે કરવાનું છે તે ન જાણવાની ભૂલ. ● બાબા શક્તિ સ્વરૂપ બનાવે છે છતાં મારામાં આ કરવાની શક્તિ નથી આમ પોતાને શક્તિહીન માનવાની ભૂલ. ● બાબા એ સર્વ ગુણોનો ભંડાર ખુલ્લો મૂક્યો છે છતાં ગુણમૂર્ત ન બદલવાની ભૂલ. ● ઈશ્વરીય સેવા કરવાથી અદ્‌ભુત મેવા તો મળે જ છે છતાં સેવા માટે એવરરેડી રહેવાને બદલે બહાનાબાજી કરવાની ભૂલ. ● પ્રસન્ન ચિત્ત રહેવાને બદલે પ્રશ્નચિત્ત રહેવાની ભૂલ. ● પોતાની ભૂલને ન સ્વીકારવાની ભૂલ. ● સ્વપરિવર્તન કરવાને બદલે - સામી વ્યક્તિ બદલાય તો હું બદલાઉં એવો હઠાગ્રહ રાખવાની ભૂલ.

**॥ ઓમશાંતિ ॥**

**(પેજ નં. 23નું અનુસંધાન)... દિવ્યદર્શન**

ધારણામૂર્ત બનીને રહ્યા છે. એટલા માટે મમ્માએ આ તો ક્યારેય સુધરશે જ નહીં, એવા ટોનમાં ક્યારેય કહ્યું જ નથી.

મમ્માની એક વાત હંમેશા બધાને ખૂબ યાદ આવે છે કે, મમ્મા હંમેશા કહેતા કે શક્તિ જમા કરવામાં તમે લોકો કેટલી બધી મહેનત કરો છો. વ્યર્થ - નકામો ખર્ચ પણ કેટલો ઝડપથી કરી દો છો. ફાલતુ વાતોમાં શક્તિ ખર્ચ કરીને, પછી ઉદાસ - કમજોર થઈ જાવ છો. કમાઈ જમા કરવા માટે આટલો બધો સમય નથી કાઢતા પરંતુ આખો દિવસ ખર્ચો જ કરીને, પછી જયારે દેવાળું થઇ જાય ત્યારે કોઈ વાત સામે આવે તે સમયે કહે કે આ તો બહુ અઘરું છે ખરેખર તો શક્તિ હોતી જ નથી.

મમ્મા જ્યારે પણ કોઈને મળતા સમયે જો મમ્માનો હાથ પકડો તો એવું અનુભવાતું કે તેમનામાંથી જાણે કે સકાશ મળી રહી છે, ખુશી મળી રહી છે. એટલી બધી શક્તિ (તાકાત) મમ્માના હાથમાં હતી. મમ્માનો હાથ જાણે કે એક ચમત્કારીક હાથ હતો.

મમ્માએ સૌ બાળકોની પાલના કરવા માટે સર્વોત્તમ શ્રેષ્ઠ પાઠ ભજવ્યો છે. તેથી જ તેઓ જ્ઞાનની દેવી કહેવાયા છે. આ કારણે આ ટાઇટલ મમ્મા સિવાય બીજા કોઈ અન્યને મળી શકે તેમ જ નથી. શિવબાબાનું જ્ઞાનને તેમણે જીવનમાં એટલું બધું અપનાવ્યું છે કે, તે સ્વયં વિદ્યાની દેવી સરસ્વતી બન્યા છે. તેથી વિદ્યા લેવા જવા માટે દેવી સરસ્વતીને ખાસ યાદ કરવામાં આવે છે.

**॥ ઓમશાંતિ ॥**

# કવિતા

## બ્ર.કુ. જૂનાગઢ

### બાબા તને

મારી જીંદગીનું સર્વશ્વ ગણી લઉ તને,
લાવ ભરી મહફેલિમાં પારખી લઉ તને,
તકદીરમાં બીજી મુલાકાત લખાઈ નથી,
કલ્પમાં એકવાર મન મૂકી માણી લઉ તને,
હાથમાં હાથ આપ, ધબકારા ગણવા છે,
થોડું વિજ્ઞાન, બધ્ધિ વાપરી જાણી લઉ તને,
મુજમાં તારા નામની મહકે રહે પણ,
તને આપવી કેમ, લાવ એકવાર વળગી લઉ તને,
તારા અંદાઝમાં છે જ્ઞાનની ગુહ્યની વાતો,
તું વાત કરે દ્રષ્ટિ દે,
ત્યાં લગી સમજી, પામી લઉ તને,
હવે તારા નામ પર ઘણાનો હક છે
યાદના બહાને ગુનગુનાવી લઉ તને.

### આપ્યો છે

દોસ્ત તો દોસ્ત મને
દુશ્મનોએ પણ પ્રેમ અપાર આપ્યો છે,
ખિસ્સામા વજન ઓછું હતું
તો ખુદાએ વેદોનો સાર આપયો છે,
જીવવાની કંઈ ખાસ કારીગરી મને આવડતી નથી,
મેં ફક્ત લાગણીઓને સંગીતનો આકાર આપ્યો છે,
હું મંદિર મસ્જિદ શું કામ જાઉં? મને જરા કહશે કોઈ?
કે આપવા વાળાએ
દિલમાં જ એક પરવરદિગાર આપ્યો છે,
સૌ પ્રથમ ગીત લખાયા બાદ
મે કહ્યું હતું તારા સ્વરૂપ ને,
વર્ષોથી દિલમાં સંઘરેલી
તારી યાદોએ પહેલો સંગમ આપ્યો છે.

### થવાના

છેવટે તો સૌ હિસાબ સરભર થવાના,
જે નથી પીતા જ્ઞાન અમૃત,
એ ક્યાં અમર થવાના,
દેવા પડશે શરીફોને શરાફતના પૂરાવા,
અમે સાચા સાબિત પૂરાવા વગર થવાના,
જીતશે દિલ તો તમે પણ અમારી માફક,
કા દીવાના થવાના, કા શાયર થવાના,
કોણ શું કહેશે, એ અમારો વિષય નથી,
અમે છલકાવીશું પ્રેમ, એનો સાગર થવાના,
કંઈક વિશેષ છે મને પરમાત્માથી લગાવ,
તન્હા સાંજના આ જ તો હમસફર થવાના,
હતી જેટલી મોહબ્બત એનાથી વધારે પીતા રેજો,
તો મન, ઘર ને તર સભર થવાના,
કોઈને કહી દેજો સરનામું,
કે બાબાના ઘર પહોંચાડે,
જ્ઞાન અમતૃ પીધા પછી તો સૌ બેખબર થવાના.

### હસ્તી

આતો કેલે જાદુ પાથર્યો છે મહેફિલમાં,
કે નજર તમારા ઉપરથી ખસતી નથી.
ક્ષણ બેક્ષણ હટાવી પણ લઈએ,
તો દિલમાંથી ખસે એવી તમારી હસ્તી નથી.
રુહાની નેણ ને ઉપરથી પ્રેમનો સુરમો,
કામણ કંઈ એમ ઓછા પાથરતા નથી?
તોય ગુલાબી જ્ઞાનના ઓજસ પાથરીને,
સદા અમારી મનસા તમને બક્ષતી નથી.
પરવાળા સા હોઠને રહસ્ય મઢ્યું સ્મિત,
વાણી તમારા હોઠની કોઈને ગાંઠતી નથી.
અટખેલિયા કરતી ઊડતી લહેર તમારી,
અમારી નજરને બીજે ટકવા દેતી નથી.
રોનક હશો ભલે તમે હરેક મહેફિલના,
અમારી વિસાત પણ ઓછી અંકાતી નથી.
માણીતો જુવો થોડો અમારો સહવાસ,
એમ તો તમારી હસ્તી પણ વિસરાતી નથી.

# હર્ષિત રહો, હેલ્ધી બનો

## બ્ર.કુ. ઈશ્વરભાઈ, ઊંઝા

હર્ષિતમુખ વ્યક્તિનું સર્વત્ર સ્વાગત થાય છે કહેવાય છે કે હસસો તો દુનિયા સાથ આપશે, રડશો તો એકલા રડવું પડશે. હસવાથી શરીરના આંતરિક અવયવોને કસરત મળે છે. માંસપેશીઓને વ્યાયામ મળે છે. થકાવટ દૂર થાય છે. સ્ફૂર્તિ આવે છે. મનુષ્યજાતિને મળેલું આ એક વરદાન છે. તેનો ભરપૂર લાભ ઊઠાવવો જોઈએ. બીજા કોઈ પ્રાણી કે પક્ષીને આ વરદાન પ્રાપ્ત નથી. પરંતુ આપણી મુશ્કાન પવિત્ર નિષ્કપટ અને વ્યંગરહિત હોવી જોઈએ. કોઈને ઉતારી પાડવાની કે નીચા દેખાડવાની મનોવૃત્તિ ન હોવી જોઈએ.

હસવાથી આપણા શરીરની રોગપ્રતિકારક શક્તિ વધે છે. કારણ કે હસવાથી આપણું શરીર તથા મન તણાવમુક્ત થઈ જાય છે. તેથી રોગના જંતુ સામે લડવાની આપણી શક્તિમાં વધારો થાય છે. તેને બદલે આપણે જો સતત ટેન્શનમાં રહીએ તો શરીર પૂરેપૂરી શક્તિથી રોગના જંતુ સામે લડી શકતું નથી. તેના પરિણામે આપણે રોગગ્રસ્ત થઈ જઈએ છીએ. એટલે જ ડોક્ટરો પ્રસન્ન રહેવાની શિખામણ આપે છે.

ન્યુયોર્કના એક બાળચિકિત્સાલયમાં બાળકોને ખુશ રાખવા માટે ટામેટા જેવું લાલ નાક લગાવીને એક વિદૂષક જેવો માણસ સર્કસના જોકરની જેમ ખેલ કરે છે. આ બાળકોની રોગપ્રતિકારક શક્તિ વધારવાનો એક મનોવૈજ્ઞાનિક પ્રયોગ છે એનાથી બાળકો જલદી નિરોગી થઈ જાય છે.

એક લેખક નોર્મન કજીન્સને જ્યારે સંધીવાનો રોગ થઈ ગયો ત્યારે તેમણે દવાની સાથે હાસ્યરસના પુસ્તકો વાંચવા માંડ્યા અને હાસ્ય નાટકો પણ ખૂબ જોયાં જેના પરિણામે તેઓ જલદીથી સ્વસ્થ થઈ ગયા.

અમેરિકાની લોમાલિન્ડા યુનિવર્સિટીના સ્કૂલ ઓફ મેડીસીનના પ્રો. લીબર્કે હસતી વખતે મનુષ્યના હોર્મોન તથા શ્વેતકણોમાં થતા પરિવર્તનનું અધ્યયન કરી એ સિદ્ધાંતનું સમર્થન કર્યું કે હાસ્ય શરીર માટે ફાયદાકારક છે. કારણ કે એનાથી રોગપ્રતિકારક ક્રિયાને શિથિલ કરનાર તત્વ જેવાં કે એપીનેફ્રીન અને કોર્ટીસોલ ફેલાતાં નથી.

પેન્સિલ્વેનિયામાં આવેલી પાઓલી સ્મારક હોસ્પિટલે એવું તારણ કાઢ્યું કે જે રોગીઓના ઓરડાની બારીઓમાંથી વૃક્ષો અને હરિયાળી દેખાય છે તેમને ઓછી પીડાનો અનુભવ થાય છે અને જલદી સ્વસ્થ થઈ જાય છે જ્યારે બારીઓમાંથી ફક્ત મકાનો દેખાય તે દર્દીઓ જલદી સ્વસ્થ થતા નથી. પ્રકૃત્તિના દર્શનથી મનમાં પ્રસન્નતા ઉત્પન્ન થાય છે જે જલ્દી સાજા થવામાં મદદગાર બને છે.

આથી આપણે આપણા સ્વભાવમાં ફેરફાર કરીને હાસ્યવૃત્તિનો વિકાસ કરવો જોઈએ. કોઈપણ ગંભીર સમસ્યા વખતે પણ રમજૂવૃત્તિથી ઉકેલ લાવવા પ્રયત્ન કરવો જોઈએ. સીરીયસ ન બની જવું જોઈએ. સીરીયસ બનવાથી સમસ્યા વધુ ગંભીર બની જાય છે. જ્યારે તેને હળવાશથી ઉકેલશો તો સહેલાઈથી ઉકેલી શકશો. માટે જ ઈશ્વરીય મહાવાક્ય છે કે ખુશી જૈસી કોઈ ખુરાક નહીં. સદા ખુશ રહો તો ખુશનસીબ બન જાયેગે. પ્રસન્ન રહના ઔર દુઆયે લેના હૈ.

॥ **ઓમશાંતિ** ॥

# કૈસે કરું મેં બાબા તેરા શુક્રિયા...

બ્ર.કુ. કનુભાઈ એચ. પટેલ , ગોધરા

મીઠે બચ્ચે , મીઠે બચ્ચે કહેકર ,
હમે બહુત સન્માન દિયા.
કૈસે કરું મેં બાબા તેરા શુક્રિયા...

હર રોજ હમે અમૃતવેલા ઉઠાયા ,
વરદાનો સે ભરપૂર કિયા.
કૈસે કરું મેં બાબા તેરા શુક્રિયા...

મીઠી સી મુરલી સુનાકર ,
દિલ હમારા બહલાયા.
કૈસે કરું મેં બાબા તેરા શુક્રિયા...

હમારી હરેક સમસ્યા કા ,
સમાધાન મુરલી મેં હમે બતાયા.
કૈસે કરું મેં બાબા તેરા શુક્રિયા...

જીવન જીને કી સચ્ચી કલા ,
બાબા આપને હમે શિખાઈ.
કૈસે કરું મેં બાબા તેરા શુક્રિયા...

સચ્ચી સચ્ચી દિનચર્યા બાબા ,
આપને હમે શિખાઈ.
કૈસે કરું મેં બાબા તેરા શુક્રિયા...

ઘર કો મંદિર બનાયા ,
વાયુમંડલ કો પવિત્ર બનાયા.
તનાવ કો અલવિદા કિયા ,
જીવન કો નંદનવન બનાયા.
કેસે કરું મેં બાબા તેરા શુક્રિયા...

શ્રેષ્ઠ બ્રાહ્મણ પરિવાર દિયા ઔર
આપસી મતભેદ કો ખતમ કિયા.
આપ કી યાદ સે
વિકર્મો કો ભસ્મ કિયા.
કૈસે કરું મેં બાબા તેરા શુક્રિયા...

અતીન્દ્રિય સુખ કા અનુભવ કરાયા ,
અનહદ પાલના કા અહેસાસ કરાયા.
કૈસે કરું મેં બાબા તેરા શુક્રિયા...

॥ ઓમશાંતિ ॥

- **સર્વનો સહયોગ પ્રાપ્ત કરવાનો આધાર પણ શુભચિંતક સ્થિતિ છે. શુભચિંતક ભાવના બીજાઓના મનમાં સહયોગની ભાવના સહજ અને સ્વાભાવિક રીતે જન્માવે છે. કારણ કે શુભચિંતક આત્માઓ પ્રત્યે દરેકના દિલમાં સ્નેહ ઉત્પન્ન થાય છે અને સ્નેહજ સહયોગી બનાવી દે છે. જ્યાં સ્નેહ હોય છે ત્યાં સમય, સંપત્તિ, સહયોગ સદા ન્યોછાવર કરવા માટે તૈયાર થઈ જાય છે. એટલે સદા શુભચિંતનથી સંપન્ન રહો અને શુભચિંતક બની સર્વને સ્નેહી, સહયોગી બનાવો.**

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

# સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલીના વિભાગમાં **મે - ૨૦૨૩** માસની **શબ્દાવલી ભાગ - ૩૦**ના જવાબો આ સાથે છે. જ્ઞાનના ચિંતનના આધારે આપના જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. સંગમયુગની **શબ્દાવલી ભાગ - ૩૧** અહીં પ્રસ્તુત છે. જેની આડી-ઉભી ચાવીઓ ભરશો. આપને આવતા **જુલાઈ - ૨૦૨૩**ના અંકમાં **શબ્દાવલી ભાગ - ૩૧**ના જવાબો મળશે.

## સંગમયુગની શબ્દાવલી ભાગ - ૩૧



**આડી ચાવીઓ -**

1. સદ્‌ગુણોનો આધાર સ્તંભ એક ગુણ (૬)
6. સુંદર, સરસ (૨)
7. નિગાહ ઉલ્ટું લખો (૩)
9 આરોપ, આક્ષેપ (૨)
10. ભોલાપન, સીધાપન (૪)
12. એકલા સ્વભાવનું (૫)
13. એક ગુણ જે શબ્દને ઉંધો લખો (૩)
14. મૌન (૫)
16. આફત, પ્રલય (૪)
18. .... મન કી તુમ્હી સે જુડી હી રહે (૨)
19. મમ્મા .... બજાતી થી (૩)
20. 'રબર' શબ્દને ઉલ્ટો લખો (૩)
22. વટાણાનું હિન્દી (૩)
23. એક મહાકાય પ્રાણી (૨)
25. ઉનાળામાં ... વધુ લાગે (૩)
26. .... સે શ્રીનારાયણ (૨)
27. એક રમત (૩)

**ઉભી ચાવીઓ -**

1. અંગ્રેજી શબ્દ હાર્મનીનું ગુજરાતી અનુવાદ (૫)
2. હાથ, કર (૨)
3. ચંદ્રની .... (૪)
4. 'એકાગ્રતા' શબ્દને ઉંધો લખો (૪)
5. પ્લગાનો વિરોધી શબ્દ (૨)
7. સદા ખુશ રહેવાનો ગુણ (૬)
8. ભય રહિત સ્થિતિ (૪)
9. ..... અને અલબેલાપન (૩)
11. ગંભીરતા અને .... નું સંતુલન (૫)
14. .... મે જ્યોત જગાલો (૫)
15. ઉદ્ધારક (૫)
17. મિત્ર, દોસ્ત, ભાઈબંધી (૨)
19. સ્વભાવ શબ્દને હિન્દીમાં .... કહેવાય (૩)
21. માખણને અંગ્રેજીમાં શું કહેવાય? (૩)
22. એક જ બે વાર અક્ષર લખો (૨)
24. વિષય (૨)

## શબ્દાવલી ભાગ - ૩૦ના જવાબોવાળું કોષ્ટક

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 ક | 2 મ | લ | 3 સું | 4 દ | 5 રી | 6 દા | દી | | 7 હ |
| 8 લ | ત | | 9 દ | યા | વા | ન | | 10 દુ | રી |
| 11 ક | દા | વ | ર | | જ | | 12 ઘ | ની | યા |
| 13 તા | ન | | તા | | | 14 વ | રી | યા | ળી |
| | | 15 જ | | 16 સુ | 17 વ | ર્ણ | | | દિ |
| 18 વિ | 19 હં | ગ | | 20 મિ | લ | ન | | 21 રા | વ |
| | 22 સ | દી | | 23 ર | ણ | | 24 ઉ | જા | સ |
| 25 વિ | | શ | | ન | | 26 ખુ | દા | ઈ | |
| 27 દે | હ | ભા | 28 ન | | 29 ફુ | મા | ર | | 30 રા |
| શી | | 31 ઈ | શા | ન | | રી | | 32 છ | ત્રી |




સુરત વરાછા ખાતે 'મૂલ્ય શિક્ષણ તાલીમ શિબીર'માં વિશાળ શિક્ષકોની સભાને સંબોધતાં બ્ર.કુ. ગીતાબેન સાથે બ્ર.કુ. તૃપ્તિબેન, DEO ભ્રાતા દીપકભાઈ, ડૉ. રાજેશભાઈ, ડૉ. પ્રફુલ્લભાઈ.



માળીયા હાટીના સેવાકેન્દ્રના '૩૨મા વાર્ષિક ઉત્સવે' કેક કટીંગ કરતાં સામાજીક કાર્યકર્તા મહેન્દ્રભાઈ, મેડિકલ ઓફીસર રવિભાઈ, સમર્પણ હોસ્પીટલના ટ્રસ્ટી કૃષ્ણકાંતભાઈ, બ્ર.કુ. મીતાબેન, બ્ર.કુ. રૂપાબેન.



સુરત પરવટ સેવાકેન્દ્ર ખાતે 'કિડ્ઝ સમર કેમ્પ'ના સમાપન કાર્યક્રમમાં બાળકો સાથે બ્ર.કુ. સંગીતાબેન.



નવસારીમાં માતૃદિવસના ઉપલક્ષ્યમાં આયોજીત 'સકારાત્મક પરિવર્તન યોગ ભઠ્ઠી' કાર્યક્રમમાં મુંબઈ ગોરેગાઁવથી પધારેલા બ્ર.કુ. રાધાબેન, બ્ર.કુ. ગીતાબેન, બ્ર.કુ. સંધ્યાબેન તથા અન્ય.



કિલ્લા પારડીમાં બાળકો માટે આયોજીત 'સમય કેમ્પ'નું ઉદ્‌ઘાટન કરતાં ડૉ.એમ.એમ.કુરેશી, ડૉ. દેવાંગી દેસાઈ, વકીલ ધર્મિનભાઈ, બ્ર.કુ.પારૂલબેન, કેમ્પ ટીચર બ્ર.કુ.મીતલબેન, બ્ર.કુ. સોનમબેન.



સુરત અડાજણમાં પ્રધાનમંત્રીના 'મન કી બાત' રેડીયો કાર્યક્રમના ૧૦૦મા ભાગની BJP દ્વારા ઉજવણી પ્રસંગે SMCના મ્યુનિસિપલ કૉરપોરેટર ભ્રાતા કેયુરભાઈને સૌગાત આપતાં બ્ર.કુ. દક્ષાબેન.



બાંટવામાં વૃધ્ધાશ્રમમાં ઈશ્વરીય સંદેશ આપ્યા બાદ સમૂહચિત્રમાં વડીલો અને ટ્રસ્ટી ભ્રાતા ગીરીશભાઈ સોમૈયા સાથે બ્ર.કુ. મધુબેન.




ગોંડલ સેવાકેન્દ્ર ખાતે 'બાળ વિકાસ શિબિર – હસતા બચપન'માં ભાગ લેનાર બાળકો સાથે બ્ર.કુ. ભાવનાબેન, બ્ર.કુ.શીતલબેન.

Gyan Amrit Vol.16 | Issue 06 | June 2022 | Retail Price - 15/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month.
Registered under Postal Registration No. AHD-C/21/2023-2025 Vaild up to 31st December-2025 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/NG/109/2023-2025 valid up to 31st December 2025, permitted to post at Ahmedabad PSO on 4th of every month.



આબુરોડ ખાતે મુખ્યાલય શાંતિવનમાં પધારેલ ભારતના પ્રધાનમંત્રી માનનીય શ્રી નરેન્દ્ર મોદી સાથે મુખ્ય પ્રશાસિકા આદરણીય રાજયોગિની દાદી રતનમોહિનીજી, અધિકમુખ્ય પ્રશાસિકા રાજયોગિની જયંતીદીદી, ગ્લોબલ હોસ્પીટલના ડાયરેક્ટર ડૉ. પ્રતાપ મીદ્ધા તથા પ્રધાનમંત્રીશ્રીને સ્મૃતિચિન્હ ભેટ કરતાં બ્ર.કુ. જયંતીદીદી. બ્રહ્માકુમારીઝના પૂર્વ મુખ્ય પ્રશાસિકા આદરણીય રાજયોગિની દાદી હૃદયમોહિનીજીના સ્મારક સ્તંભ 'અવ્યક્ત લોક'માં પુષ્પાંજલિ અર્પણ કરી પરિક્રમા કરતાં પ્રધાનમંત્રી સાથે બ્ર.કુ. નીલુબેન, બ્ર.કુ. ચંદ્રિકાબેન, બ્ર.કુ. નિર્વેરભાઈ.





લુણાવાડા ખાતે 'સ્નેહ મિલન'માં ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ મંત્રી ભ્રાતા કુબેરભાઈ ડીંડોર, બ્ર.કુ. ઉષાબેન, બ્ર.કુ. ડૉ. નિરંજનાબેન, મહિલા મોરચો BJP કૃષ્ણાબેન કટારા, જીલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોર, બ્ર.કુ. સુરેખાબેન, બ્ર.કુ. જ્યોત્સનાબેન.



જુનાગઢ ખાતે 'જીલ્લા પંચાયત આરોગ્ય કર્મચારી યોગ તાલીમ'માં DDO ભ્રાતા મિંરાત પરીખ, જીલ્લા પંચાયત પ્રમુખ ભગિની શાંતાબેન ખટારીયા, DHO ભગિની શિલ્પાબેન જાવીયા, યોગાચાર્ય ભ્રાતા દુષ્યંતભાઈ મોદી, નીરવભાઈ, બ્ર.કુ. દમયંતીદીદી, બ્ર.કુ. બીનાબેન.



અમદાવાદ સુખશાંતિ ભવનમાં 'ઈદેમિલાદ સ્નેહમિલન' કાર્યક્રમમાં શુભેચ્છા આપતાં બ્ર.કુ. નેહાબેન સાથે જમાયતે ઈસ્લામી હિન્દ મહિલા પાંખ ગુજરાતના પ્રમુખ ભગિની આરેફા પરવીન, સામાજીક કાર્યકર્તા ભગિની નુરજહાઁ દિવાન, શિક્ષણવિદ ભગિની સાબીના સૈયદ, જમાયતે હિન્દ ઈસ્લામી હિન્દ અમદાવાદના પ્રમુખ ભગિની મોહસીના સચોરા, સામાજીક કાર્યકર્તા અને પર્યાવરણવિદ ભગિની મુદ્દિતા વિદ્રોહી.



એન્ટીગુઆ અને બારબાડોર્સના માનનીય પ્રધાનમંત્રી શ્રી ગેસ્ટોન આલ્ફાઝો બ્રોઉની સાથે શુભેચ્છા મુલાકાત બાદ ઈશ્વરીય સંદેશ અને નિંમત્રણ આપ્યા બાદ સમૂહચિત્રમાં મધુબનથી પધારેલ બ્ર.કુ. આતમ પ્રકાશભાઈ, બ્ર.કુ. પાયલબેન, ટ્રીનીડાડના બ્ર.કુ. હરિપ્રસાદભાઈ.

**If Undelivered Please Return to Publishing Place :**
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

**Publisher : Bharti Ranchhoddas Somaiya**
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com